

नवसर्जन संस्कृति

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 163
Dt.: 19-04-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa


### તમિલનાડુમાં બોલ્યા વડાપ્રધાન મોદી

## વિપક્ષે મહિલા અનામત બિલને રોક્યું, પરંતુ અમારી લડાઈ શરૂ રહેશે

**પીએમ મોદીએ કહ્યું કે, જો બિલ પાસ થઈ ગયું હોત તો મહિલાઓને તેનો ફાયદો થાતઃ લડાઈ હજુ પૂર્ણ નથી થઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)કોઈમ્બતુર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમિલનાડુના કોઈમ્બતુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી સભા સંબોધી હતી. જે દરમિયાન તેમણે મહિલા અનામત બિલને લઈને વાત કરી હતી. આ ચૂંટણી સભામાં વડાપ્રધાન મોદીએ મુખ્યત્વે મહિલા અનામત બિલ (નારી શક્તિ વંદન અધિનિયમ) અને તેના અમલીકરણ માટે જરૂરી સીમાંકન પ્રક્રિયા પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જો બિલ પાસ થઈ ગયું હોત તો મહિલાઓને તેનો ફાયદો થાત. આ લડાઈ હજુ પૂર્ણ નથી થઈ, ભાજપ અને NDA અધિકારો માટે લડાઈ લડશે. આજે રાત્રે ૮:૩૦ વાગ્યે દેશ સાથે વિસ્તારથી ચર્ચા કરીશ. વડાપ્રધાને કહ્યું કે, આજે હું તમારી વચ્ચે મારું દુઃખ અને ગુસ્સો વ્યક્ત કરવા ઈચ્છું છું. ૨૦૨૩માં અમે નારી શક્તિ વંદન અધિનિયમ પસાર કર્યું અને આ મહિનાની ૧૬ તારીખે અમે ગૃહ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલા અનામત લાગુ કરવાની દિશામાં એક ઐતિહાસિક પગલું ભર્યું. મેં વ્યક્તિગત રીતે તમામ રાજકીય પક્ષોને તેને સમર્થન આપવાની અપીલ કરી હતી. મેં તેમને સ્પષ્ટ રીતે કહ્યું હતું કે તેની ક્રેડિટ લઈ શકો છો, મને કોઈ વાંધો નથી. મારો ઉદ્દેશ્ય એ હતો કે સાધારણ પરિવારોની બહેનો વધુમાં વધુ સંખ્યામાં ગૃહ અને વિધાનસભાઓમાં આવી શકે. પરંતુ દુર્ભાગ્યથી આ સારો પ્રયાસ નિષ્ફળ રહ્યો. દ્રવિડ મુન્નેત્ર કઝગમ (DMK), ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને તેના સહયોગીઓની ઈર્ષા અને તુચ્છ રાજનીતિથી આને નિશાન બનાવ્યું. જો આ બિલ પસાર થઈ ગયું હોત તો સાધારણ પરિવારોની અનેક તમિલ મહિલાઓ સાંસદ અને ધારાસભ્ય બની જાત. ૨૦૧૧ની વસ્તીગણતરીના આધારે તમિલનાડુને હજુ ઘણી બેઠકો મળવાની હતી. પરંતુ એ સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે DMK એવું નથી ઈચ્છતી. હવે તેમના કામોનો પર્દાફાશ થઈ ગયો છે. જણાવી દઈએ કે, શુક્રવારે લોકસભામાં મહિલા અનામતથી જોડાયેલું બંધારણ (૧૩૧માં સંશોધન) બિલ પસાર ના થઈ શક્યું. આ પ્રસ્તાવમાં લોકસભાની બેઠકોને ૫૪૩થી વધારીને ૮૧૬ કરવા અને મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાની વાત કરવામાં આવી હતી. મતદાન દરમિયાન બિલના સમર્થનમાં ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા, જ્યારે બિલને પાસ કરાવવા માટે ૩૫૨ મતની જરૂર હતી.



### ટેન્કરના કાફલાનો યૂ-ટર્ન

## હોર્મુઝ ગોળીઓથી ધણધણ્યું, ભારતીય જહાજો પર ઈરાનનો હુમલો

**અનાદોલૂ એજન્સીના રિપોર્ટ અનુસાર ઈસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ કોર્પ્સએ જે બે જહાજો પર હુમલો કર્યો તે ભારતીય છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

દુનિયામાં સૌથી મહત્વની તેલ લાઈફલાઈન માનવામાં આવતા હોર્મુઝ જળમાર્ગમાં ફરી સ્થિતિ ખરાબ થઈ છે. શનિવારે આ માર્ગે પસાર થવાનો પ્રયત્ન કરતા વેપારી જહાજો પર ફાયરિંગની ઘટના સામે આવી છે, જેના કારણે શિપિંગ સેક્ટરમાં ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાના થોડા કલાક પહેલા જ ઈરાને કહ્યું હતું કે, હોર્મુઝને ફરી બંધ કરવામાં આવી રહ્યું છે. ઈરાને હોર્મુઝ પર કડક સૈન્ય અંકુશ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ઈરાનના આ નિર્ણયથી થોડા કલાકો પહેલા જ આઠ ટેક્રરોનો એક કાફલો આ જળમાર્ગેથી પસાર થતા જોવા મળ્યો હતો. આ છેલ્લા સાત અઠવાડિયામાં તેલ ટેક્રરોનો સૌથી મોટો કાફલો હતો. જેને જોઈને દુનિયા રાહતનો શ્વાસ લઈ રહી હતી. પરંતુ આ રાહત વધુ સમય સુધી ટકી શકી નહીં. જેવા જહાજો આગળ વધ્યા તેની સાથે જ સ્થિતિ અચાનક તણાવપૂર્ણ થઈ ગઈ અને ફાયરિંગની ઘટના સામે આવી. યૂનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ અનુસાર ગનબોટથી ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

અનાદોલૂ એજન્સીના રિપોર્ટ અનુસાર ઈસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ કોર્પ્સએ (IRGC) જે બે જહાજો પર હુમલો કર્યો તે ભારતીય છે. ટેન્કર મોનિટરિંગ ડેટા અનુસાર, ફાયરિંગની ઘટના પણ બની. એક જહાજમાં ભારતનો ઝંડો લગાવેલો હતો જે ૨૦ લાખ બેરલ ઈરાકી તેલ લઈને જઈ રહ્યું હતું. જો કે જહાજ અને ક્રૂ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે.

ઈરાને અમેરિકા પર ગંભીર આરોપ લગાવતાં કહ્યું છે કે અમેરિકાએ ઈરાની બંદરોની આસપાસ નાકાબંધી યથાવત રાખી છે અને 'સમુદ્રી લૂંટ' જેવા પગલાં લીધા છે. આના જવાબમાં ઈરાને કડકાઈ વધારી છે.

ઈરાનની માંગ છે કે અમેરિકાના સૈન્ય જહાજો હોર્મુઝ (Strait of Hormuz)માંથી હટી જાય અને ઈરાની જહાજોને આવ-જા કરવા દેવામાં આવે. તે પહેલાં ઈરાને શુક્રવારે મર્યાદિત અને નિયંત્રિત રીતે જહાજોને હોર્મુઝમાંથી પસાર થવાની મંજૂરી આપી હતી, જેને તેણે 'ગુડ ફેથ' (સારા વિશ્વાસ)નું પગલું ગણાવ્યું હતું. પરંતુ અમેરિકી કાર્યવાહીને કારણે આ વ્યવસ્થા પાછી ખેંચી લેવામાં આવી છે. વોલ સ્ટ્રીટ જર્નલની રિપોર્ટ અનુસાર, હોર્મુઝ બંધ થયા પછી ૨૦ જહાજો પાછા વળી ગયા છે. તેમને ઓમાનની દિશામાં વાળી દેવામાં આવ્યા છે.

બીજી તરફ અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે કહ્યું છે કે જ્યારથી તેણે નાકાબંધી લગાવી છે ત્યારથી ૨૩ જહાજોને પાછા વળવા માટે મજબૂર કરવામાં આવ્યા છે. આ તણાવ વચ્ચે ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈનો પણ સખત સંદેશ સામે આવ્યો છે. તેમણે ચેતવણી આપી છે કે ઈરાનની નૌસેના પોતાના દુશ્મનોને આકરી હાર આપવા માટે તૈયાર છે.

## તમામ માતાઓ, બહેનો અને દીકરીઓની માફી માંગવા માગું છું: વડાપ્રધાન મોદીનું રાષ્ટ્રજોગ સંબોધન

**વડાપ્રધાન મોદીએ કહ્યું કે દેશની નારી શક્તિ બધું જોઈ રહી છે અને બિલ પડી જવાથી તેમને ખૂબ દુઃખ થયું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લોકસભામાં મહિલા આરક્ષણ બિલ સંબંધિત સંશોધન વિધેયક પડી જવાથી આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને સંબોધિત કરી રહ્યાં હતા. તેમણે આ બિલ ન પસાર થવા માટે વિરોધ પક્ષને જવાબદાર ઠેરવ્યો. તેમણે કહ્યું કે વિરોધ પક્ષે પોતાના સ્વાર્થના કારણે આ બિલને પસાર થવા દીધું નથી. પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશની નારી શક્તિ બધું જોઈ રહી છે અને બિલ પડી જવાથી તેમને ખૂબ દુઃખ થયું છે.

પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું કે દેશની નારી શક્તિની ઉડાન રોકી દેવામાં આવી છે અને તેમના સપનાઓને નિર્દયતાથી ચૂર કરી નાખવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે સરકારે સંપૂર્ણ પ્રયાસ કર્યો, પરંતુ સફળતા મળી નથી અને નારી શક્તિ વંદન અધિનિયમમાં સંશોધન થઈ શક્યું નથી.

મહિલા આરક્ષણ સંબંધિત ૧૩૧મું બંધારણીય સંશોધન બિલ પસાર કરવા માટે લોકસભામાં બે-તૃતિયાંશ બહુમતની જરૂર હતી. આ બિલ પર કુલ ૫૨૮ મત પડ્યા હતા. બિલ પસાર કરવા માટે સરકારને ૩૫૨ મતની જરૂર હતી, પરંતુ તેના સમર્થનમાં માત્ર ૨૯૮ મત જ મળ્યા. તેથી ૫૪ મતની અછતને કારણે આ બિલ પડી ગયું.

પ્રધાનમંત્રીએ કહ્યું, "નારી બધું ભૂલી શકે છે, પરંતુ પોતાનો અપમાન ક્યારેય નથી ભૂલતી. તેથી સંસદમાં કોંગ્રેસ અને તેમના સાથીઓના આ વર્તનની પીડા દરેક નારીના મનમાં હંમેશા રહેશે. દેશની નારી જ્યારે પણ પોતાના વિસ્તારમાં આ નેતાઓને જોશે, ત્યારે તેને યાદ આવશે કે આ જ લોકોએ સંસદમાં મહિલા આરક્ષણ રોકાતા ખુશી વ્યક્ત કરી હતી."

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે કોંગ્રેસ, ડીએમકે, ટીએમસી અને સમાજવાદી પાર્ટી જેવી પાર્ટીઓની સ્વાર્થી રાજનીતિનો નુકસાન દેશની મહિલાઓને ઉઠાવવું પડ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે મહિલા આરક્ષણનો વિરોધ કરીને વિપક્ષે જે કર્યું છે, તેના માટે તેમને સજા જરૂર મળશે. તેમણે આ પણ કહ્યું કે આ પક્ષોએ બંધારણના રચયિતાઓની ભાવનાઓનું પણ અપમાન કર્યું છે.

## ભારત રશિયા પાસેથી ૧૬ મે સુધી ઓઈલ ખરીદી શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વૈશ્વિક ઓઈલ બજારમાં વધતા ભાવ અને ઈરાન સાથેના તણાવ વચ્ચે અમેરિકાએ એક મોટો અને આશ્ચર્યજનક નિર્ણય લીધો છે. ટ્રમ્પ પ્રશાસને રશિયન ઓઈલની ખરીદી પર લાદવામાં આવેલા પ્રતિબંધોમાં ફરી એકવાર કામચલાઉ છૂટ આપી દીધી છે. નોંધનીય છે કે માત્ર બે દિવસ પહેલા જ અમેરિકાના ટ્રેઝરી વિભાગે આ છૂટ લંબાવવાની ના પાડી દીધી હતી, પરંતુ બદલાતા સંજોગોમાં અમેરિકાએ પોતાનો નિર્ણય બદલવો પડ્યો છે.અમેરિકાના ટ્રેઝરી વિભાગના નવા નોટિફિકેશન મુજબ, હવે દેશો ૧૬ મે, ૨૦૨૬ સુધી રશિયન ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની ખરીદી કરી શકશે. અગાઉ આ છૂટ ૧૧ એપ્રિલે પૂરી થઈ ગઈ હતી. આ નવા નિર્ણયથી સમુદ્રમાં લોડ થયેલા રશિયન ઓઈલના જથ્થા પર એક મહિના સુધી કોઈ અમેરિકાના પ્રતિબંધ લાગુ થશે નહીં.આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલો તણાવ છે. દુનિયાના ૨૦% ઓઈલ અને ગેસનો પુરવઠો આ રૂટ પરથી પસાર થાય છે. ઈરાન સાથેના સંઘર્ષને કારણે આ સપ્લાય લાઈન પર જોખમ ઉભું થતા ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા હતા. અમેરિકામાં મોંઘવારી ન વધે અને બજારમાં ઓઈલનો પુરવઠો જળવાઈ રહે તે હેતુથી ટ્રમ્પ પ્રશાસને રશિયા પ્રત્યે નરમાઈ બતાવી છે. રશિયાના મતે, આ છૂટથી દરરોજ લગભગ ૧૦૦ મિલિયન બેરલ ઓઈલ બજારમાં આવશે, જે વૈશ્વિક જરૂરિયાત પૂરી કરવામાં મદદરૂપ થશે.અમેરિકાના આ એલાનની સાથે જ ઓઈલ બજારમાં રાહત જોવા મળી છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત ૯% ઘટીને ૯૦ ડોલર પ્રતિ બેરલની આસપાસ પહોંચી ગઈ છે. જોકે, અમેરિકાના આ પગલાથી યુરોપિયન યુનિયન સહિતના સાથી દેશોમાં નારાજગી જોવા મળી શકે છે. યુરોપિયન નેતાઓનું માનવું છે કે રશિયા પર આ સમયે ઢીલ આપવાથી યુક્રેન યુદ્ધ વિરુદ્ધની પશ્ચિમી દેશોની વ્યૂહરચના નબળી પડી શકે છે.

### હોર્મુઝ અંગે ઈરાનની ખુલ્લી ધમકી

## 'અમેરિકા નાકાબંધી નહીં હટાવે તો પછી એક્શન લઈશું'

**હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાના ૨૦ ટકા કાચા તેલ અને ગેસના પુરવઠા માટેનો મુખ્ય માર્ગ છે: ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ આ માર્ગ આંશિક રીતે પ્રભાવિત થયો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય-પૂર્વમાં વધતા તણાવ વચ્ચે હોર્મુઝની સામુદ્રધુની હવે વૈશ્વિક રાજનીતિનું કેન્દ્ર બની છે. ઈરાને આ જળમાર્ગથી પસાર થતા જહાજો માટે ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) ની મંજૂરી લેવી ફરજિયાત કરી દીધી છે. આ સાથે જ ઈરાને અમેરિકા સામે શરત મૂકી છે કે જો તેમના ફ્રીઝ કરવામાં આવેલા ફંડને મુક્ત કરવામાં નહીં આવે અને આર્થિક નાકાબંધી નહીં હટે, તો તેઓ આકરું વલણ અપનાવશે.બ્રિટિશ વડાપ્રધાન કીયર સ્ટાર્મરે જાહેરાત કરી છે કે હોર્મુઝમાં શિપિંગની આઝાદી પુનઃસ્થાપિત કરવા માટે એક ડઝનથી વધુ દેશો સંરક્ષણ મિશનમાં જોડાવા તૈયાર છે.

પેરિસમાં યોજાયેલી 49 દેશોની બેઠકમાં બ્રિટન અને ળાન્સે બહુરાષ્ટ્રીય સુરક્ષા મિશનની બ્લુપ્રિન્ટ તૈયાર કરી છે. આગામી અઠવાડિયે લંડનમાં એક સૈન્ય સંમેલન યોજાશે, જેમાં આ મિશનના માળખાની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું છે કે આ જળમાર્ગ માત્ર કોમર્શિયલ જહાજો માટે જ ખુલ્લો રહેશે અને તે પણ ઈરાન દ્વારા નિર્ધારિત માર્ગ પરથી જ પસાર થઈ શકશે.

IRGC એ સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ સૈન્ય જહાજને આ જળમાર્ગમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. ઈરાન પોતાને આ વ્યૂહાત્મક માર્ગનો રક્ષક માને છે અને તેણે ચેતવણી આપી છે કે જો તેમના બંદરો પર અમેરિકાની નાકાબંધી ચાલુ રહેશે, તો તે જવાબી કાર્યવાહી કરશે.હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાના 20 ટકા કાચા તેલ અને ગેસના પુરવઠા માટેનો મુખ્ય માર્ગ છે. ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ આ માર્ગ આંશિક રીતે પ્રભાવિત થયો હતો. હવે જો અહીં ફરીથી અવરોધ ઉભો થશે, તો વૈશ્વિક સ્તરે ઉર્જાના ભાવમાં તોતિંગ વધારો થઈ શકે છે. હાલમાં શિપિંગ એસોસિએશનો પણ દરિયાઈ સુરક્ષાને લઈને ચિંતિત છે અને લંડનની સૈન્ય બેઠક પર સૌની નજર ટકેલી છે.

## તમિલનાડુમાં વેકેશન માણવા જતા શિક્ષકોની વાન ખીણમાં ખાબકી: ૯ના કરુણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)વાલપરાઈ

તમિલનાડુના વાલપરાઈમાં શુક્રવારે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કેરળથી પ્રવાસે આવેલા શિક્ષકો અને તેમના પરિવારજનોની વાન ઉંડી ખીણમાં ખાબકતા ૯ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં અન્ય કેટલાક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.



મળતી માહિતી મુજબ, કેરળની એક શાળાના શિક્ષકો, અન્ય સ્ટાફ અને તેમના પરિવારના સભ્યો મળીને કુલ ૧૬ લોકો વેકેશન મનાવવા તમિલનાડુના પ્રવાસે આવ્યા હતા. તેઓ પ્રસિદ્ધ અતિરાપલ્લી વોટરફોલ જોઈને વાલપરાઈ તરફ જઈ રહ્યા હતા, ત્યારે ચાલકે વાન પરથી કાબૂ ગુમાવતા વાન સીધી ઉંડી ખીણમાં ખાબકી હતી.અકસ્માતની જાણ થતા જ સ્થાનિક તંત્ર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ખીણમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢી તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. કેરળ પોલીસ આ મામલે તમિલનાડુ પોલીસના સતત સંપર્કમાં છે. દુર્ઘટનાના સમાચાર મળતા જ શાળાના વાલીઓ અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં શાળાએ ઉમટી પડ્યા હતા, સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અકસ્માત અંગે ઘેરા દુખની લાગણી વ્યક્ત કરી છે. તેમણે ટ્વીટ કરીને મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના પ્રગટ કરી અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના કરી છે. કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયને પણ આ ઘટનાને અત્યંત પીડાદાયક ગણાવી છે અને અસરગ્રસ્ત પરિવારોને તમામ શક્ય મદદની ખાતરી આપી છે.




# તંત્રી લેખ......

## ખતરનાક રીતે વિભાજિત વિશ્વ

હાલમાં, યુનાઈટેડ સ્ટેટ્સ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન બંનેએ આ માટે પાકિસ્તાનને દોષી ઠેરવ્યું. પાછળથી, તે સ્પષ્ટ થયું કે પાકિસ્તાનની ભૂમિકા મુખ્યત્વે સંદેશવાહકની હતી. ભારતની ભૂમિકાની પણ ચર્ચા થઈ, અને કેટલાક વર્તુળોમાં ટીકા થઈ કે તેની ભૂમિકાને યોગ્ય રીતે માન્યતા આપવામાં આવી નથી.

પાકિસ્તાન સુન્ની બહુમતી ધરાવતો દેશ છે, જ્યારે ઈરાન શિયા બહુમતી ધરાવતો દેશ છે, તેમ છતાં કેટલાક દેશોએ જણાવ્યું છે કે તેઓ પોતાને શિયા કે સુન્ની તરીકે નહીં, પરંતુ વ્યાપક રીતે મુસ્લિમો તરીકે જુએ છે, અને તેમના હિતો વૈશ્વિક સ્તરે એકબીજા સાથે જોડાયેલા છે. આ સંદર્ભમાં, કાશ્મીરમાં ઈરાનના સમર્થનમાં ભંડોળ ઊભું કરવાની પ્રવૃત્તિઓ ઉભરી આવી છે, જ્યારે ભારતનો આ સંઘર્ષ સાથે કોઈ સંબંધ નથી.

તાજેતરમાં, મેં સેમ્યુઅલ પી. હંટીંગ્ટનનું પુસ્તક, "ક્લેશ ઓફ સિવિલાઈઝેશન્સ" ફરીથી વાંચ્યું. તેઓ લખે છે, "સોવિયેત યુનિયનના વિઘટન પછી, વિશ્વ એકધ્રુવીય બની ગયું છે. ભવિષ્યમાં, સંઘર્ષ રાષ્ટ્રો વચ્ચે નહીં, પરંતુ સંસ્કૃતિઓ વચ્ચે થશે. મહાસત્તાઓ વચ્ચેની સ્પર્ધા સંસ્કૃતિઓના અથડામણ તરીકે પ્રગટ થશે. સંસ્કૃતિઓનો આ અથડામણ વિશ્વ શાંતિ માટે સૌથી મોટો ખતરો બની શકે છે. આ સંઘર્ષ કોઈ એક દેશ કે પ્રદેશ પૂરતો મર્યાદિત રહેશે નહીં, પરંતુ વ્યાપકપણે ફેલાઈ શકે છે."

આજે, લોકો તેમની આધુનિક ઓળખ સાથે તેમની પરંપરાગત ઓળખને ફરીથી શોધી રહ્યા છે. આ જ કારણ છે કે તેઓ નવી પરિસ્થિતિઓમાં પણ જૂના સંઘર્ષો જાળવી રાખે છે, અને તેમને ભૂલી જવા તૈયાર નથી. ભવિષ્યમાં, સંઘર્ષો ફક્ત આર્થિક અસમાનતાઓ સુધી મર્યાદિત રહેશે નહીં, જેમ કે શ્રીમંત અને ગરીબ વચ્ચે, પરંતુ વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે વધુ તીવ્ર સ્વરૂપમાં ઉભરી આવશે. આ ઈતિહાસમાં ખૂબ જ જટિલ અને પડકારજનક સમયગાળો હોઈ શકે છે. સંસ્કૃતિઓ તરીકે, તેમણે પશ્ચિમી, દક્ષિણ અમેરિકન, આફ્રિકન, ઈસ્લામિક, સિનિક, હિન્દુ, રૂઢિચુસ્ત, બૌદ્ધ અને જાપાની સંસ્કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે.

અમેરિકન રાજકારણી હેનરી કિસિંગરે એકવાર કહ્યું હતું કે ૨૧મી સદીમાં છ મુખ્ય શક્તિઓ યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ, ચીન, જાપાન, રશિયા અને કદાચ ભારત હશે. સેમ્યુઅલ હંટીંગ્ટને ચીન, વિયેતનામ અને જાપાનને અલગ સંસ્કૃતિ તરીકે જોયા હતા. આ પ્રદેશોમાં બૌદ્ધ પરંપરાનો નોંધપાત્ર પ્રભાવ છે. તેવી જ રીતે, આફ્રિકામાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓની મોટી વસ્તી છે, જ્યારે દક્ષિણ અમેરિકા, ઉત્તર અમેરિકા, યુરોપ અને રશિયા મુખ્યત્વે ખ્રિસ્તી પ્રદેશો છે. હંટીંગ્ટન દલીલ કરે છે કે સિનિક (ચીની) અને જાપાની સંસ્કૃતિઓએ આર્થિક ધોરણે પોતાને આધુનિક બનાવ્યા, જ્યારે ઈસ્લામિક વિશ્વએ આર્થિક ધોરણે ઓછી, પરંતુ સાંસ્કૃતિક અને ધાર્મિક ધોરણે વધુ પોતાની ઓળખ મજબૂત કરી.તે જ સમયે, પશ્ચિમી મૂલ્યો પ્રત્યેનો તેમનો ટીકાત્મક દૃષ્ટિકોણ ઘણીવાર વ્યક્ત કરવામાં આવે છે. જોકે, એ પણ એક હકીકત છે કે પશ્ચિમ દ્વારા વિકસિત ઘણી ટેકનોલોજી અને ઉત્પાદનોનો ઉપયોગ સમગ્ર વિશ્વમાં વ્યાપકપણે થાય છે. આધુનિક ટેકનોલોજી અપનાવવા છતાં, સમાજો તેમની પરંપરાગત ઓળખ અને સાંસ્કૃતિક પ્રથાઓ જાળવી રાખવાનો પ્રયાસ કરે છે. પશ્ચિમી દેશોમાં પણ, ધર્મનો વિરોધ હવે પહેલા જેટલો પ્રચલિત નથી. ઘણી જગ્યાએ, રવિવારે મોટી સંખ્યામાં લોકો ચર્ચમાં હાજરી આપે છે. પરિણામે, ધર્મને રાજકારણથી સંપૂર્ણપણે અલગ કરવાનો ખ્યાલ હવે પહેલા જેટલો અસરકારક નથી રહ્યો.ફ્રેન્ચ ક્રાંતિ પછી વિકસિત મહત્વપૂર્ણ મૂલ્યો, જેમ કે સ્વતંત્રતા, બંધુત્વ અને સમાનતા, આજે પડકારોનો સામનો કરી રહ્યા છે. હવે, દરેક સમાજ અને રાષ્ટ્ર પોતાને શ્રેષ્ઠ સાબિત કરવાની દોડમાં રોકાયેલા દેખાય છે. પોતાની સંસ્કૃતિ, ખાવાની ટેવો અને જીવનશૈલીને શ્રેષ્ઠ તરીકે દર્શાવવાની, જ્યારે બીજાને નબળા પાડવાની વૃત્તિ વધી રહી છે. આ સાથે, ધર્મ પર આધારિત નવા જોડાણો અને કરારોનો ટ્રેન્ડ પણ ઉભરી રહ્યો છે. તુર્કી સિવાય, નાટોના મોટાભાગના દેશો ખ્રિસ્તી બહુમતી ધરાવતા છે. ઈસ્લામિક દેશોમાં સમાન જોડાણોની ચર્ચાઓ પણ ચાલુ છે. સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચેના તાજેતરના કરારને આ સંદર્ભમાં જોઈ શકાય છે, જ્યાં એક પર હુમલો બીજા પર હુમલો માનવામાં આવશે.

## ઝાંઝમેર ગામે SOGના દરોડા, શંકાસ્પદ દૂધનો ૪૦૦ લિટર જથ્થો ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના ઝાંઝમેર ગામે એસ.ઓ.જી. રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા શંકાસ્પદ દૂધના જથ્થા પર દરોડો પાડવામાં આવ્યો છે. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી દૂધમાં ભેળસેળ કરતા તત્વો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે.એસ.ઓ.જી. રાજકોટ ગ્રામ્ય પોલીસ શાખાની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ઝાંઝમેર ગામે આવેલી 'દ્વારકાધીશ દૂધ ડેરી'માં દૂધની માત્રાઅને ફેટ વધારવા માટે હાનિકારક પદાર્થોની ભેળસેળ કરીને નકલી દૂધ બનાવવામાં આવી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે ઓચિંતી રેડ પાડી હતી.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૧૮/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૨૭૦૩ | ૪૪૦.૦૦ | ૫૫૪.૦૦ |
| ૨ | એરંડા | ૯૭૯ | ૧,૨૪૧.૦૦ | ૧,૨૭૦.૦૦ |
| ૩ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૨૫.૦૦ |
| ૪ | રાયડો | ૫ | ૧,૦૦૦.૦૦ | ૧,૧૯૦.૦૦ |
| ૫ | બાજરી | ૩૫ | ૪૦૦.૦૦ | ૪૯૦.૦૦ |
| ૬ | મકાઇ | ૧૧૩૬ | ૨૯૧.૦૦ | ૩૯૧.૦૦ |
| ૭ | ચણા | ૬૫ | ૧,૦૦૦.૦૦ | ૧,૦૬૫.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૧૦૫ | ૧,૪૫૧.૦૦ | ૧,૫૫૧.૦૦ |
| ૯ | ગવાર | ૨૫ | ૮૦૦.૦૦ | ૮૩૧.૦૦ |
| ૧૦ | તમાકુ | ૧૮૪૫ | ૧,૩૦૦.૦૦ | ૧,૯૩૦.૦૦ |
| ૧૧ | તમાકુ (ગારીયુ) | ૧૯૦૭ | ૮૦૦.૦૦ | ૧,૨૧૫.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

૨૧૦ કરોડની ઠગાઈ અને ૭ કરોડની બેંક લૂંટનો પર્દાફાશ

# વડોદરાથી ભાવનગર સુધી સાયબર ક્રાઈમનું કૌભાંડ ઝડપાયું

### ઓપરેશન 'મ્યુલ હન્ટ' અંતર્ગત વડોદરામાં ૭ આરોપીઓની ધરપકડ સાથે મોટા નેટવર્કનો ભાંડો ફૂટ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત પોલીસ દ્વારા રાજ્યભરમાં ચાલી રહેલા ઓપરેશન 'મ્યુલ હન્ટ' દરમિયાન સાયબર ગુનેગારો વિરુદ્ધ મોટી કામગીરી હાથ ધરવામાં આવી છે. વડોદરા શહેરમાં કાર્યરત નેટવર્ક સાયબર ઓફ એક્સેલેન્સને ખાસ ઝુંબેશ દરમિયાન બે અલગ-અલગ ગેંગ સામે મહત્વપૂર્ણ પુરાવા હાથ લાગ્યા છે. આ ગેંગ દ્વારા કરવામાં આવેલા સાયબર ફ્રોડના કૌભાંડનો પર્દાફાશ થતાં સમગ્ર પોલીસ તંત્ર સતર્ક બની ગયું છે. રાજ્યમાં વધી રહેલા સાયબર ક્રાઈમના પરિપ્રેક્ષ્યમાં આ કાર્યવાહી અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

વડોદરા શહેરમાંથી ઓપરેટ થતી બે સાયબર ગેંગની સંડોવણી સામે આવી છે, જેઓએ અંદાજે રૂપિયા ૨૧૦ કરોડ જેટલી રકમનો સાયબર ફ્રોડ કર્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ ટોળકી માત્ર એકાદ-બે નહીં, પરંતુ કુલ ૨૭૩ જેટલા ગુનાઓ સાથે સીધી રીતે જોડાયેલ હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. સાયબર ઠગાઈથી મેળવેલી રકમની હેરફેર કરવા માટે તેઓ ખાસ સક્રિય હતા અને ૨૫૩ જેટલા કિસ્સાઓમાં ગેરકાયદેસર ટ્રાન્સફર થયાનું બહાર આવ્યું છે. આ આંકડાઓથી ગેંગના નેટવર્કની વ્યાપકતા સ્પષ્ટ થાય છે.

સાયબર સેન્ટર ઓફ એક્સેલેન્સના એસપી ડૉ. રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ પોલીસે અત્યાર સુધીમાં ૭ આરોપીઓને દબોચ્યા છે. ધરપકડ કરાયેલાઓ પાસેથી ગુનામાં વપરાતી વિવિધ સાધન-સામગ્રી અને બેંકિંગ દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા છે. પોલીસ જપ્તીમાં ૯ પાસબુક, ૩૯ ડેબિટ કાર્ડ અને ૧૨ ચેક બુક જેવી મહત્વપૂર્ણ મત્તાનો સમાવેશ થાય છે. આ દસ્તાવેજોના આધારે હવે અન્ય કેટલા બેંક ખાતાઓનો ગેરકાયદેસર ઉપયોગ થયો છે તેની દિશામાં તપાસ આગળ વધી રહી છે.

પોલીસ મુજબ આ સમગ્ર રેકેટનો મુખ્ય સૂત્રધાર હજી સુધી ફરાર છે અને તેને પકડવા માટે સઘન તજવીજ ચાલે છે. પ્રાથમિક તપાસ મુજબ આ કૌભાંડના મૂળ સુધી પહોંચતા હજુ અનેક રહસ્યો દફન છે. મુખ્ય આરોપીની ધરપકડ થયા બાદ આ નેટવર્ક કેટલું વ્યાપક છે અને તેમાં અન્ય કયા મોટા માથાઓ સામેલ છે તેની વધુ વિગતો બહાર આવે તેવી સંભાવના છે. વડોદરામાં ઝડપાયેલું આ રેકેટ રાજ્યમાં સાયબર ક્રાઈમની ગંભીરતા અને તેના સંગઠિત રૂપની ઝલક આપે છે.

બીજી તરફ ભાવનગર ડિસ્ટ્રિક્ટ બેંકમાં ૭ કરોડની સાયબર ઉચાપતનો ભેદ પણ ઉકેલાઈ ગયો છે. હોળી અને ધુળેટીના તહેવારોની રજાઓ દરમિયાન હેકર્સે બેંકની CBS (Core Banking Solution) સિસ્ટમમાં રહેલી ટેકનિકલ ખામીનો લાભ ઉઠાવી એક જ રાતમાં અંદાજે ૭ કરોડ રૂપિયા અલગ-અલગ ૧૩૫ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધા હતા.

સાયબર સેન્ટર ઓફ એક્સેલેન્સના ડૉ. રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી તપાસમાં ૪ મુખ્ય આરોપીઓને ઝડપવામાં આવ્યા છે. હાલ તેમની સઘન પૂછપરછ ચાલી રહી છે જેથી લૂંટાયેલા નાણાંની રિકવરી અને અન્ય સંડોવાયેલા લોકો સુધી પોલીસ પહોંચી શકે. આ ઘટનાએ બેંકો માટે ડિજિટલ સુરક્ષા વધુ મજબૂત બનાવવાની તાતી જરૂરિયાતને ઉજાગર કરી છે.

સામાન્ય જનતાને મળી મોટી રાહત

# રાજકોટમાં સીંગતેલના ભાવમાં રૂપિયા ૫૦નો ઘટાડો થયો

### લાંબા સમયથી વધી રહેલી મોંઘવારી વચ્ચે આ ઘટાડાથી રસોડાના બજેટમાં થોડી શાંતિ જોવા મળી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાનની તારીખ નજીક આવી રહી છે, ત્યારે ખાદ્ય તેલ બજારમાંથી મધ્યમ વર્ગ માટે સારા સમાચાર આવ્યા છે. છેલ્લા બે દિવસમાં સીંગતેલના ૧૫ કિલોના ડબ્બાના ભાવમાં રૂપિયા ૫૦નો ઘટાડો નોંધાયો છે. લાંબા સમયથી વધી રહેલી મોંઘવારી વચ્ચે આ ઘટાડાથી રસોડાના બજેટમાં થોડી શાંતિ જોવા મળી રહી છે.

ચાલુ વર્ષે મગફળીનું વિક્રમી ઉત્પાદન થયું હોવા છતાં સીંગતેલના ભાવ સતત આસમાને પહોંચી રહ્યા હતા. એપ્રિલની શરૂઆતમાં ભાવ રૂપિયા ૩૦૦૦ની સપાટી વટાવી ગયા હતા. જોકે, હવે માર્કેટમાં નરમાશ જોવા મળી રહી છે. નવો ભાવ: રૂપિયા ૨૮૬૦ થી રૂપિયા ૨૯૧૦ પ્રતિ ડબ્બો, જૂનો ભાવ: રૂપિયા ૨૯૭૫ થી રૂપિયા ૩૦૨૫ પ્રતિ ડબ્બો.અગાઉ ૧ થી ૪ એપ્રિલ દરમિયાન ભાવ રૂપિયા ૩૦૦૦ને પાર પહોંચી ગયા હતા.

એક તરફ સીંગતેલમાં ઘટાડો થયો છે, પરંતુ બીજી તરફ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે આયાતી તેલ (સાઈડ તેલ) ના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલ અને ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થવાને કારણે પામ ઓઈલ અને કપાસિયા તેલ જેવા આયાતી તેલના ભાવમાં તેજીનો માહોલ છે, જેના કારણે સીંગતેલના ભાવ પણ પ્રભાવિત થઈ રહ્યા હતા.

# સિવિલમાં કામ કરતી મહિલાએ રાજીનામાના બીજા દિવસે જીવન ટૂંકાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

સિવિલ હોસ્પિટલના મહિલા પટાવાળાએ રાજીનામું આપ્યાના ગણતરીના કલાકોમાં જ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. આ આકસ્મિક ઘટનાએ હોસ્પિટલના સ્ટાફ અને સ્થાનિકોમાં અનેક તર્ક-વિતર્ક જગાવ્યા છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા મહિલા કર્મચારીએ ગત રોજ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. રાજીનામું આપ્યાના બીજા જ દિવસે તેમણે પોતાના ઘરે અંતિમ પગલું ભરી લેતા પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે. હોસ્પિટલ જેવી સંવેદનશીલ જગ્યાએ ફરજ બજાવતા અને હજુ ગઈકાલે જ નોકરી છોડનાર વ્યક્તિના આ પગલાંથી અનેક સવાલો ઉભા થયા છે. બનાવની જાણ થતાં જ જૂનાગઢ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ આત્મહત્યાનો મામલો જણાતા પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આત્મહત્યા પાછળનું કારણ હજુ સુધી અકબંધ છે. પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે કે, શું મહિલા પર નોકરી દરમિયાન કોઈ પ્રકારનું માનસિક દબાણ હતું રાજીનામું આપવા પાછળનું સાચું કારણ શું હતું? શું આ કોઈ અંગત કે કૌટુંબિક વિખવાદનું પરિણામ છે? પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. એક મહિલા કર્મચારીના આવા પગલાંથી હોસ્પિટલ પરિસરમાં પણ શોકનું મોજું ફરી વળ્યું છે.

# મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખના પ્રચાર અભિયાન ઉપર પાણી ફેરવતા મંત્રી પ્રદ્યુમન વાજા

### મંત્રી પ્રદ્યુમન વાજાએ મેલી મુરાદો પાર પાડવા ભાજપના દિગ્ગજ નેતાની ભલામણોને પસ્તી ભેગી કરતા રોષ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના બ્યુગલ ફુંકાઈ ચુકયા છે. હાલમાં રાજકીય વાતાવરણ ગરમાયુ છે. ગણતરીના દિવસોમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ યોજાવવાની છે. ભાજપના મુખ્યમંત્રીથી લગાડી પ્રદેશ પ્રમુખ સહિત સંગઠનના નેતાઓ કોઈપણ ભોગે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જીતવા મન મુકીને ગામડે ગામડે પ્રચારમાં લાગી ગયા છે.

ભાજપ કહે છે મારો કાર્યકર નારાજ રહે તે ચલાવી લેવાય નહી, પરંતુ સાબરકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી પ્રધુમન વાજા એવા તે કેવા કામો કરી રહ્યા છે કે જેઓને મીડીયા થી અંતર રાખવુ પડે છે. વિવાદોમાં આવેલા મંત્રી વાજા ને થોડા સમય



અગાઉ સાબરકાંઠા જિલ્લાના એક ભાજપના દિગ્ગજ નેતા દ્વારા ભલામણ કરવામાં આવી હતી. ત્યારે ભાજપની વિચારસરણીથી ઉપરવટ જઈ મંત્રીએ પોતાની મેલી મુરાદો પાર પાડવા પાર્ટીની લક્ષ્મણરેખા ઓળંગી નેતાની ભલામણ પસ્તી ભેગી કરી પોતાની જીદ ઉપર અડગ રહી ભાજપના નેતાની ભલામણ ને અવગણી મંત્રી દ્વારા નિર્ણય લેવામાં આવતા જિલ્લા ભાજપમાં ભુકંપ સર્જાયો છે. એક તરફ ગઈ કાલે જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની જિલ્લાની મુલાકાત બાદ અચાનક ભાજપના નેતાઓની નારાજગી કયાંક પાર્ટીને નુકશાન કરાવે તો નવાઈ નહી. શું પ્રભારી મંત્રીને સાબરકાંઠા જિલ્લાના ભાજપ નેતાઓના કામો કરવામાં રસ નથી ? મંત્રી પ્રધુમન વાજાને ભાજપના નેતાઓના કામો કરવામાં કેમ રસ નથી ? શું વાજા ને પસંદગીનો માંગણી મુજબનો પ્રભારી જિલ્લો મળ્યો નથી ? શું ભાજપના નેતાએ કરેલી ભલામણ મંત્રીને પસંદ ન હતી તેવા અનેક સવાલો આમ પ્રજામાં ઉઠી રહ્યા છે. એક તરફ સાબરકાંઠા જિલ્લાની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓની ચુંટણીઓ જીતવા મુખ્યમંત્રી થી લગાડી સામાન્ય કાર્યકરો પ્રચારમાં જોતરાયા છે, ત્યારે મંત્રી દ્વારા જિલ્લાના ભાજપ નેતાની ભલામણ ના મુદ્દાને લઈ કયાંક પાર્ટીને નુકશાન થાય તેવા સંકેતો જણાઈ રહ્યા છે. જે હોય તે પરંતુ મંત્રીની આડોળાઈ જિલ્લામાં ચર્ચાનો વિષય બનવા પામી છે. આ અંગે જિલ્લા ભાજપ પ્રમુખે પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે જિલ્લાના પાર્ટીના આગેવાનો અને સામાન્ય કાર્યકરોના કામો થવા જોઈએ. પ્રભારી મંત્રીએ નેતાની ભલામણ કેમ ધ્યાને લીધી નથી તે એક મોટો સવાલ ઉભો થવા પામ્યો છે. લોકમુખે ચર્ચાયેલ મુજબ ખુદ જિલ્લા ભાજપ પ્રમુખને પ્રભારી મંત્રી ધકકા ખવડાવી રહ્યા હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે સરકારશ્રીએ અને પાર્ટીએ હવે વિચારવુ રહ્યુ નહીતર પ્રભારી મંત્રીના પાપે જિલ્લાને ભોગવવુ પડે તો નવાઈ નહી.

## જામનગરના લાલ બંગલા પાસેની જિલ્લા પંચાયત કચેરીમાં વહેલી સવારે આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરના હાર્દ સમાન લાલ બંગલા વિસ્તારમાં આવેલી જામનગર જિલ્લા પંચાયતની કચેરીમાં આજે વહેલી સવારે આગ લાગવાની ઘટના સામે આવી છે. પ્રાથમિક અંદાજ મુજબ, શોર્ટ સર્કિટને કારણે આ આગ ફાટી નીકળી હતી. સવારના સમયે કચેરી બંધ હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આગને કારણે સરકારી મિલકતને મોટું નુકસાન પહોંચ્યું છે.

આ આગ ખાસ કરીને જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગની ઓફિસમાં પ્રસરી હતી. આગ એટલી વિકરાળ હતી કે, ઓફિસમાં રહેલા કોમ્પ્યુટરો, એસી (AC), ઓફિસ ફર્નિચર અને અનેક મહત્વની ફાઈલો બળીને ખાક થઈ ગઈ છે. સ્થાનિકો દ્વારા ધુમાડાના ગોટેગોટા જોતા જ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં લાખોની કિંમતનો સામાન બળી ગયો હતો.

આરોગ્ય વિભાગની ઓફિસ હોવાથી અનેક મહત્વના રેકોર્ડ અને પ્રોજેક્ટ ફાઈલો ત્યાં ઉપલબ્ધ હતી. આગમાં ફાઈલો બળી જવાથી વહીવટી કામગીરી પર પણ અસર પડી શકે છે.

## જામનગર જિલ્લાના ધ્રોલમાં કારમાંથી વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના ધ્રોલ શહેરમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ પોલીસે કાર્યવાહી કરી કારમાંથી વિદેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે.મળતી માહિતી મુજબ, ગત રાત્રે અંદાજે ૨૦:૪૫ વાગ્યે ધ્રોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ત્રિકોણબાગ નજીક પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ કારને રોકી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ફોર્ડ કંપનીની ફીગો કાર (રજી. નં. જી.જે. ૨૭ એ.પી. ૩૦૩૦)માંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪ બોટલ મળી આવી હતી.

પોલીસે કારચાલક યુવરાજસિંહ પ્રદ્યુમનસિંહ જાડેજા (ઉ.વ. ૩૯, રહે. જારીયા ગામ, તા. ધ્રોલ)ને કાયદેસરની પરમીટ વિના દારૂ રાખવા બદલ ઝડપી પાડ્યો હતો. કારની અંદાજિત કિંમત રૂ.૧,૦૦,૦૦૦ તથા દારૂની કિંમત રૂ.૬૦૦ મળી કુલ રૂ.૧,૦૦,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

હત્યા છુપાવવા મૃતદેહ તળાવમાં ફેંક્યો હતો

# દીકરીએ પ્રેમી સાથે મળીને માતાને મોતને ઘાટ ઉતારી

### મૃતકની દીકરીએ પ્રેમ સંબંધમાં આડખીલી બનતી માતાની પ્રેમી અને અન્ય ચાર મિત્રો સાથે મળી હત્યા નીપજાવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મહીસાગર

મહીસાગર જિલ્લાના કોઠંબા પોલીસ સ્ટેશનની ટીમે એક અત્યંત જટિલ અને ચકચારી હત્યાકાંડનો ગણતરીના કલાકોમાં પર્દાફાશ કરી મોટી સફળતા મેળવી છે. કમાલપુરના નાકા તળાવમાંથી મળી આવેલી મહિલાની લાશના ગુનામાં ચોંકાવનારો વળાંક આવ્યો છે. જેમાં સગી દીકરીએ જ પ્રેમી સાથે મળી માતાની હત્યા કરાવી હોવાનું બહાર આવ્યું છે. મૃતકની દીકરીએ પ્રેમ સંબંધમાં આડખીલી બનતી માતાની પ્રેમી અને અન્ય ચાર મિત્રો સાથે મળી હત્યા નીપજાવી છે. સમગ્ર મામલે પોલીસે દીકરી સહિત ૬ની ધરપકડ કરી જેલ હવાલે કર્યા છે.

આ ગુનાની પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતક પિક્રીબેન બારીયાએ પોતાની દીકરીનું લગ્ન અન્ય જગ્યાએ નક્કી કર્યું હતું. જોકે, દીકરીને કમલેશ નામના યુવક સાથે પ્રેમ સંબંધ હોવાથી આ લગ્ન તેને મંજૂર નહોતા. કમલેશે અગાઉ આ લગ્નમાં વિઘ્ન ઊભું કરી લગ્ન તોડાવ્યા હતા. લગ્ન બાબતે ચાલી રહેલી તકરારમાં દીકરીએ પોતાની માતાને રસ્તાનો કાંટો સમજી તેને હટાવવા માટે પોતાના પ્રેમી કમલેશને ઉશ્કેરણી કરી હતી. હત્યાને અંજામ આપવા માટે દીકરી, તેનો પ્રેમી કમલેશ, અન્ય મિત્રો અને ખુદ મૃતક મહિલાના પ્રેમી જયેશે ભેગા મળી ગુનાહિત કાવતરું રચ્યું હતું.પોલીસની પ્રાથમિક માહિતી મુજબ, પંચમહાલના શહેરા તાલુકાના નવા ખાંધવા ગામના પિક્રીબેન વિક્રમભાઈ બારીયા વિધવા હતા. પિક્રીબેને તેમની દીકરીના લગ્ન ધારાપુર ખાતે નક્કી કર્યા હતા, પરંતુ દીકરીને ગામના જ કમલેશ સાથે પ્રેમ સંબંધ હોવાથી તેણે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. જોકે, પિક્રીબેને દીકરીને નક્કી કરેલા જગ્યાએ જ લગ્ન કરવા દબાણ કરતા અંતે દીકરીએ પ્રેમી કમલેશને માતાને રસ્તામાંથી હટાવી દેવા કહ્યું હતું. આ પછી કમલેશે તેના સાથી મિત્રો તથા મૃતક મહિલાના પ્રેમી જયેશભાઈ સાથે મળીને હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. જેમાં ઘટનાની રાત્રે જયેશે પિન્કીબેનને બાજરીના ખેતરમાં બોલાવ્યા બાદ અગાઉથી નક્કી કર્યા મુજબ ખેતરમાં હાજર સાથી મિત્રોમાંથી એક મિત્રની બુટની દોરી કાઢી ગળે મહિલાને ટૂંપો આપી હત્યા કરી દેવામાં આવી હતી. હત્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે મોટર સાયકલ મારફતે મૃતદેહને મહીસાગરના કોઠંબા તાલુકાના કમાલપુર ખાતે આવેલા નાકા તળાવમાં ફેંકી દેવામાં આવ્યો હતો. જો કે, તળાવમાંથી લાશ મળતાં ધામણીયાના ઉપસરપંચે કોઠંબા પોલીસને જાણ કરી હતી. સમગ્ર મામલે કોઠંબા પોલીસ હરકતમાં આવી હતી. જેમાં પોલીસે ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી કડીઓ જોડી હતી. સઘન તપાસના અંતે પોલીસે મૃતકની દીકરી અને તેના પ્રેમી સહિતના તમામ આરોપીઓને ગણતરીના કલાકોમાં દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

## વિશ્વ ધરોહર દિવસે ભાવનગર મંડળમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન



વિશ્વ ધરોહર દિવસના અવસરે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં હેરિટેજ મ્યુઝિયમ, ભાવનગર પરા ખાતે ભવ્ય, સુવ્યવસ્થિત અને જ્ઞાનવર્ધક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ તેમજ વરિષ્ઠ મંડળ યાંત્રિક ઈજનેર અને હેરિટેજ અધિકારી શ્રી સંતોષ મિશ્રાના નેતૃત્વમાં યાંત્રિક વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યો.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે કાર્યક્રમની મુખ્ય અતિથિ શ્રીમતી શાલિની વર્મા, અધ્યક્ષા, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, ભાવનગર મંડળ હતાં. આ અવસરે સંગઠનની મહિલા પદાધિકારીઓ અને સભ્યાઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યાં.

કાર્યક્રમનો પ્રારંભ મુખ્ય અતિથિ અને અન્ય ગણમાન્ય મહેમાનો દ્વારા દીપ પ્રજ્વલન સાથે કરવામાં આવ્યો. વર્ષ ૨૦૨૬ની થીમ "સંઘર્ષ અને આપદાઓની પરિસ્થિતિમાં જીવંત ધરોહર માટે તાત્કાલિક પ્રતિસાદ"ને અનુરૂપ આ આયોજનમાં ધરોહર સંરક્ષણ પ્રત્યે જાગૃતિ, જવાબદારી અને જનસહભાગિતાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું.

તેમના સંબોધનમાં મુખ્ય અતિથિ શ્રીમતી શાલિની વર્માએ જણાવ્યું કે સાંસ્કૃતિક અને તકનીકી ધરોહર માત્ર ભૂતકાળની યાદો નથી, પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે પ્રેરણા, જ્ઞાન અને ઓળખનો આધાર છે. તેમણે આપદા અને સંકટની પરિસ્થિતિમાં ધરોહર સંરક્ષણ માટે ઝડપી અને અસરકારક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે તમામ ભાગ લેનારાઓને ધરોહરના સંરક્ષણ અને સંવર્ધન માટે શપથ લેવડાવી.

કાર્યક્રમમાં કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિદ્યાર્થીઓમાં જાગૃતિ વધારવા માટે વિશ્વ ધરોહર દિવસની થીમ પર વક્તૃત્વ સ્પર્ધા અને ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. વક્તૃત્વ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરનાર ૩ વિદ્યાર્થીઓ અને ક્વિઝ સ્પર્ધામાં ૧૦ વિજેતાઓને મુખ્ય અતિથિ દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા.

આ અવસરે તમામ ઉપસ્થિતોએ હેરિટેજ મ્યુઝિયમ, ભાવનગર પરા નો અવલોકન પણ કર્યો. મુલાકાત દરમિયાન મ્યુઝિયમમાં પ્રદર્શિત ઐતિહાસિક લોકોમોટિવ, કોચ અને અન્ય ધરોહર વસ્તુઓ વિશે વિસ્તૃત માહિતી મેળવી અને ભારતીય રેલ્વેની સમૃદ્ધ વારસાને નજીકથી સમજવાની તક મળી.

કાર્યક્રમનું સંચાલન સહાયક મંડળ યાંત્રિક ઈજનેર શ્રી વિજય ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું. અંતે આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું.

આ આયોજન માત્ર જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક જ નહોતું, પરંતુ ધરોહર સંરક્ષણ પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસાવવામાં પણ અત્યંત સફળ સાબિત થયું.

## પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી- આસનસોલ સમર સ્પેશલ ટ્રેનનું સંચાલન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૦૯૪૩૧/૦૯૪૩૨ સાબરમતી–આસનસોલ–સાબરમતી સમર સ્પેશલ ટ્રેન (વિશેષ ભાડા સાથે) ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની વિગત નીચે મુજબ છે:

● ટ્રેન સંખ્યા ૦૯૪૩૧ સાબરમતી–આસનસોલ સમર સ્પેશલ ટ્રેન તારીખ ૨૦ એપ્રિલ ૨૦૨૬ અને ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાબરમતીથી ૨૨:૫૫ વાગ્યે પ્રસ્થાન કરી ત્રીજા દિવસે ૧૩:૧૫ વાગ્યે આસનસોલ પહોંચશે.

● તે જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૪૩૨ આસનસોલ–સાબરમતી સમર સ્પેશલ ટ્રેન તારીખ ૨૨ એપ્રિલ ૨૦૨૬ અને ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ આસનસોલથી ૧૬:૨૦ વાગ્યે પ્રસ્થાન કરી ત્રીજા દિવસે ૦૭:૧૫ વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ જંક્શન, બ્યાવર, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, અછનેરા, ઈદગાહ આગ્રા, ટુંડલા, ગોવિંદપુરિ, પ્રયાગરાજ જંક્શન, દિનદયાલ ઉપાધ્યાય જંક્શન, સાસારામ, ગયા જંક્શન, કોડરમા અને ધનબાદ સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં સ્લીપર તથા સામાન્ય શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.

ટ્રેન સંખ્યા ૦૯૪૩૧ સાબરમતી–આસનસોલ સમર સ્પેશલ માટે બુકિંગ તારીખ ૧૯ એપ્રિલ ૨૦૨૬થી તમામ પીઆરએસ કાઉન્ટર તથા આઈઆરસીટીસી વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય જાણકારી માટે www. en-quiry. indianrail. gov.in ની મુલાકાત લો.

## પશ્ચિમ રેલવે ચલાવશે વટવા-હાવડા-વટવા સમર સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન સંખ્યા ૦૯૪૭૯/૦૯૪૮૦ વટવા–હાવડા–વટવા સમર સ્પેશિયલ ટ્રેનને વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:

● ટ્રેન સંખ્યા ૦૯૪૭૯ વટવા–હાવડા સમર સ્પેશિયલ ટ્રેન તા. ૨૦ એપ્રિલ ૨૦૨૬ અને ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ વટવાથી ૧૬:૪૫ વાગ્યે પ્રસ્થાન કરીને ત્રીજા દિવસે ૦૯:૦૦ વાગ્યે હાવડા પહોંચશે.

● તે જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૪૮૦ હાવડા–વટવા સમર સ્પેશિયલ ટ્રેન તા. ૨૨ એપ્રિલ ૨૦૨૬ અને ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ હાવડાથી ૧૯:૦૦ વાગ્યે પ્રસ્થાન કરીને ત્રીજા દિવસે ૧૨:૧૫ વાગ્યે વટવા પહોંચશે.

માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન વડોદરા જંકશન, ભરુચ જંકશન, અંકલેશ્વર જંકશન, ઉધના જંકશન, નંદુરબાર, ભુસાવલ જંકશન, ખંડવા જંકશન, ઈટારસી જંકશન, જબલપુર, કટની, સતના, માનિકપુર જંકશન, પ્રયાગરાજ છિવકી, દિનદયાલ ઉપાધ્યાય જંકશન, સાસારામ, ગયા જંકશન, કોડરમા, ધનબાદ જંકશન તેમજ આસનસોલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૧-ટાયર, એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર તથા સામાન્ય શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.

ટ્રેન નં. ૦૯૪૭૯ વટવા–હાવડા સમર સ્પેશિયલ માટે બુકિંગ તા. ૧૯ એપ્રિલ ૨૦૨૬થી તમામ પીઆરએસ કાઉન્ટર તેમજ આઈઆરસસીટીસી IRCTC વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય જાણકારી માટે www. en-quiry. indianrail. gov.in ની મુલાકાત લો.

## પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની ભીડ અને માંગને ધ્યાનમાં રાખીને અમદાવાદ–મુંબઈ સેન્ટ્રલ–અમદાવાદ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રેન સંખ્યા ૦૯૦૮૮/૦૯૦૮૭ અમદાવાદ–મુંબઈ સેન્ટ્રલ–અમદાવાદ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ

ટ્રેન સંખ્યા ૦૯૦૮૮ અમદાવાદ–મુંબઈ સેન્ટ્રલ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ (૦૬ ટ્રીપ)

તારીખ ૨૩ એપ્રિલ થી ૨૮ મે ૨૦૨૬ સુધી દર ગુરુવારે અમદાવાદથી ૨૨:૪૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે શુક્રવારે ૦૭:૧૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે.

તેવી જ રીતે ટ્રેન સંખ્યા ૦૯૦૮૭ મુંબઈ સેન્ટ્રલ–અમદાવાદ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ (૦૬ ટ્રીપ)

તારીખ ૨૨ એપ્રિલ થી ૨૭ મે ૨૦૨૬ સુધી દર બુધવારે મુંબઈ સેન્ટ્રલથી ૨૩:૨૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે એટલે કે ગુરુવારે ૦૭:૨૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં આ ટ્રેન બંને દિશામાં વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૧-ટિયર , એસી ૨-ટિયર, એસી ૩-ટિયર શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.

ટ્રેન સંખ્યા ૦૯૦૮૮/૦૯૦૮૭ અમદાવાદ – મુંબઈ સેન્ટ્રલ – અમદાવાદ એસી સુપર ફાસ્ટ સ્પેશિયલ માટે બુકિંગ તારીખ ૧૯ એપ્રિલ ૨૦૨૬થી તમામ પી આર એસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

ટ્રેનના સમય, સ્ટોપેજ અને અન્ય માહિતી માટે કૃપા કરીને www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લો.

## અમદાવાદમાં ગરમીથી બચવા ટ્રાફીક સિગ્નલ પર લગાવેલા ગ્રીન નેટ આશીર્વાદને બદલે આફત બન્યા: ટ્રાફીક જામની સમસ્યા વકરી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં હાલ ઉનાળો આકરા તેવર બતાવી રહ્યો છે. આ કાળઝાળ ગરમીમાં મેગા સીટી અમદાવાદમાં તાપમાનનો પારો ૪૨ ડીગ્રીની નજીક પહોચી ગયો છે. બપોરના સમયે રોડ રસ્તા પર નિકળતા વાહન ચાલકો શેકાયા વગર રહેતા નથી , આ સ્થિતિમાં વાહન ચાલકોને રાહત આપવા માટે અમદાવાદ ટ્રાફીક પોલીસ અને કેટલીક સંસ્થાઓ દ્વારા શહેરના મુખ્ય ચાર રસ્તાઓ પર ગ્રીન નેટ (શેડ) લગાડવામાં આવ્યા છે. જો કે સુવિધા માટે કરવામાં આવેલી આ વ્યવસ્થા હવે વાહન ચાલકો માટે માથાના દુ:ખાવા સમાન બની રહી હોય તેવી ફરીયાદો ઉઠી રહી છે.

શહેરના સૌથી વ્યસ્ત ગણાતા ઈસ્કોન ચાર રસ્તા પર ટ્રાફીકની સમસ્યા સામાન્ય દિવસોમાં પણ રહેતી હોય છે. વાહન ચાલકોને લુ થી બચાવવા માટે અહી પણ વિશાળ શેડ ઉભા કરવામાં આવ્યા છે. પરંતુ આ શેડ ને ટેકો આપવા માટે જે લોખંડની એંગલો નાખવામાં આવી છે તે રોડ રસ્તા પર થોડી બહારની તરફ હોવાથી વાહનોને પસાર થવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. આ એંગલોના કારણે રોડ રસ્તાની પહોળાઈ ઘટી હોય તેવો અહેસાસ થાય છે. પરીણામે ટ્રાફીકની ગતિ ધીમી પડી જાય છે. શેડ ની આસપાસ સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે લગાડવામાં આવેલા બેરીકેટ્સ પણ અવરોધરૂપ સાબિત થઈ રહ્યા છે. વાહન ચાલકો ફરીયાદ કરી રહ્યા છે કે એકવાર સિગ્નલ બંધ થયા બાદ વાહનોની એટલી લાંબી લાઈનો લાગે છે કે બીજીવાર સિગ્નલ ખુલે ત્યારે પણ માંડ થોડાક ફોર વ્હીલર ક્રોસ થઈ શકે છે. શેડ નીચે જગ્યા ઓછી હોવાથી ટુ વ્હીલર ચાલકો અહીં ઉભા રહેવા માટે પડા પડી કરે છે.

જેના કારણે પાછળ આવતા ટ્રાફીકને અવરોધ પહોચે છે. એટલુ જ નહી રોડ પર મુકાયેલા બેરીકેટીગ ને કારણે ટુ વ્હીલર ચાલકોને પણ સાઈડમાંથી નિકળવામાં મુશ્કેલી પડે છે. ગરમીથી રાહત આપવાનો ટ્રાફીક પોલીસનો અભિગમ સારો છે, પરંતુ આ શેડ અણઘડ લગાવ્યા હોવાથી ટ્રાફીકની સમસ્યા વકરી છે. જેથી વાહન ચાલકોની માંગ છે કે આ વ્યવસ્થામાં જયાં જરૂરી લાગે ત્યાં યોગ્ય ફેરફાર કરવામાં આવે જેથી ગરમીથી બચવાની સાથે ટ્રાફીકની સમસ્યામાં પણ રાહત મળે.

## ભાજપના વોર્ડ નં. ૧૦ના ઉમેદવાર નિતીન દોંગા નો ઓડીયો વાયરલ: કહ્યું તું હરાવવાના બધા પ્રયત્નો કરી લે, તારો પર્સનલમાં હિસાબ હું કરીશ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં હાલ સ્થાનિક સ્વરાજયની ચુંટણીના માહોલમાં જોરદાર ગરમાવો જોવા મળી રહ્યો છે અને આમ તો સમગ્ર ગુજરાતમાં એક બાદ એક ચુંટણી પ્રચારનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. પણ આ વખતે સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં કયાંક વડોદરામાં ખુબ જ ગરમાવો જોવા મળી રહ્યો છે. વડોદરામાં રાજકારણમાં ભારે ઉથલ પાથલ જોવા મળી રહી છે. ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના સમયે પણ વડોદરામાંથી જ સૌથી વધુ મારા મારી ના તેમજ બબાલના દ્રશ્યો બહાર આવ્યા હતા.

આ રાજકીય જંગમાં રોજે રોજ કોઈને કોઈ વિવાદીત નિવેદનો અથવા તો કોઈ વિવાદ વડોદરામાંથી બહાર આવી રહ્યા છે. ત્યારે ફરી એકવાર વડોદરામાંથી ભાજપના ઉમેદવાર નિતીન દોંગા નો એક ઓડીયો વાયરલ થઈ રહ્યો છે. વડોદરા મહાનગરપાલિકાની ચુંટણીને લઈને શહેરમાં રાજકીય માહોલ ગરમાયો છે. પોસ્ટર વોર અને સોશીયલ મીડીયા પરના આક્ષેપ-પ્રતિ આક્ષેપો વચ્ચે હવે એક નવો વિવાદ બહાર આવ્યો છે. વોર્ડ નં. ૧૦ ના ભાજપના ઉમેદવાર નિતીન દોંગા વિરૂધ્ધ લગાડવામાં આવેલા પોસ્ટરો બાદ તેમની અને એક યુવાન વચ્ચેની કથિત ફોન પરની વાતચીતનો ઓડીયો વાયરલ થયો છે.

મળતી માહિતી મુજબ આ પોસ્ટરો ક્રાંતિકારી સેના સાથે જોડાયેલા એક યુવાને લગાડયા હોવાનુ કહેવાય છે. વાયરલ ઓડીયોમાં નિતીન દોંગા યુવાનને પુછતા સંભળાય છે કે તેણે તેમના વિરૂધ્ધ પોસ્ટર કેમ લગાવ્યા, તેના જવાબમાં યુવાન કહે છે કે લોકો વિકાસના કામો અંગે પ્રશ્નો પુછે છે અને તે માટે જવાબ આપવો જરૂરી બને છે. યુવાન દાવો કરે છે કે પોસ્ટર લગાવવાથી ઉમેદવારને જ ઓળખ મળશે, આ વાતચીત દરમિયાન શરૂઆતમાં નિતીન દોંગા શાંતિપૂર્ણ રીતે વાત કરતા જોવા મળે છે. પરંતુ આગળ જતા તેઓનો સ્વર કડક બને છે, ઓડીયોમાં તેઓ હિસાબ કરીશ અને મને હરાવીને બતાવ, જેવી ચેલેન્જ આપતા સંભળાય છે. આ ભાષા ચુંટણીના વધતા તણાવને દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ વોર્ડ માં મહિલા ઉમેદવાર અવની સ્ટેમ્પવાલા વિરૂધ્ધ પોસ્ટર લાગ્યા હતા. જેને લઈને પણ વિવાદ ઉભો થયો હતો. નિતીન દોંગા એ આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતુ કે યુવાનને તેમણે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો અને નારી શકિતનુ અપમાન સહન નહી કરવામાં આવે, આ સમગ્ર ઘટનાએ સ્થાનિક રાજકારણમાં વ્યકિતગત આક્ષેપો અને આક્રમક પ્રચારની વધતી પ્રવૃત્તિઓને ઉજાગર કરી છે. ચુંટણી નજીક આવતા આવી ઘટનાઓ વધુ રાજકીય ગરમાવો લાવશે તેવુ લાગી રહ્યુ છે.

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પ્રચારનુ હવે છેલ્લુ અઠવાડીયું: આગામી સમયમાં સૌરાષ્ટ્રમાં નેતાઓ સભાઓ ગજવશે

### આજે આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયાની બે સભાઓ: કોંગ્રેસના સ્ટાર પ્રચારકોના પણ સૌરાષ્ટ્રમાં ધામા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં ઉનાળાની એપ્રિલમાં શરૂ થયેલી કાળઝાળ ગરમી વચ્ચે યોજાઈ રહેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીમાં પ્રારંભિક તબકકે ઉમેદવારોએ જુથ બેઠકો લોક સંપર્ક અને બુથ બેઠકોનો દોર ચલાવ્યા બાદ હવે આગામી અઠવાડીયામાં તારીખ ૨૪ ની સાંજે જાહેર પ્રચારના પડગમ શાંત થાય તે અગાઉ પ્રચાર વેગવંતો બનશે. તમામ પક્ષોમાં અસંતોષ, પક્ષાંતર અને વિવાદ હવે શાંત થવા લાગ્યો છે અને રાજયમાં કુલ ૧,૦૦૦૫ બેઠકોની ૭૦૭ બિનહરીફ થયા બાદ હવે ૯૨૯૭ બેઠકો પર તારીખ ૨૬ ના રોજ મતદાન થવાનુ છે. કુલ ૨૫૫૭૯ ઉમેદવારો મેદાનમાં છે. ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયતો સહિતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની યોજાનારી ચુંટણીમાં આગામી અઠવાડીએ સૌરાષ્ટ્રામાં ભાજપ સહિતના નેતાઓ સભાઓ ગજવવાના છે. પક્ષના મહામંત્રી અનિરૂધ્ધ દવે હાલ પ્રવાસમાં છે. તેઓ આજે રાજકોટ આવીને છેલ્લા અઠવાડીયાના પ્રચારનો ટોન નિશ્ચિત કરશે અને સોમવારે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ફરી એક વખત રાજકોટ આવી રહ્યા છે. તો આગામી અઠવાડીયે મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ પણ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ પ્રચારમાં જોડાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે મોરબી અને સુરેન્દ્રનગરમાં પ્રચારમાં હતા અને રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આવશે. તો બીજી તરફ કોંગ્રેસે ૪૦ સ્ટાર પ્રચારકો જારી કર્યા છે. તેમાં હવે કોણ ત્યાં આવે છે તેના પર આગેવાનોની નજર છે, તો બીજી તરફ આમ આદમી પાર્ટીએ જે રીતે તાકાત લગાવી છે તે ચુંટણીને રસપ્રદ બનાવી રહી છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ સુરત થી સૌરાષ્ટ્ર સંભાળ્યુ છે. પ્રમુખ ઈસુદાન ગઢવી પણ પ્રચારમાં જોડાયા છે. આગામી સમયમાં આમ આદમી પાર્ટીના પ્રવકતા કેજરીવાલ પણ પ્રચાર માટે આવી શકે છે. તો બીજી તરફ આજે ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાની રાજકોટમાં બે સભાઓ યોજાવવાની છે. તો બીજી તરફ તારીખ ૨૧ ના રોજ ઈસુદાન ગઢવી પણ સભાઓ ગજવવાના છે. આમ વાતાવરણ હવે રાજકીય રંગ આપવા જઈ રહ્યુ છે. ભારે તડકો, વેકેશન જેવી સ્થિતિ અને લોકોનો ઓછો રસ એ ઉમેદવારો માટે કોયડો સર્જી ગયો છે.

## મુસાફરોને મોટી રાહત: ૪૫ મિનિટમાં ૮૧ કિમીની મુસાફરી, ગુજરાતને વધુ એક એક્સપ્રેસ વેની ભેટ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે (NE4)ના ગોધરા-વડોદરા સેક્શન પર વાહનોની અવરજવર ફરી શરૂ થવાથી નોંધપાત્ર રાહત મળી છે. ટ્રાયલ ધોરણે ખુલેલા ૮૧ કિલોમીટરના સેક્શનમાં હવે ફક્ત ૪૫ મિનિટનો સમય લાગે છે. અગાઉ, મુસાફરોને વડોદરાથી ગોધરા થઈને હાલોલ જવા માટે ટ્રાફિકનો સામનો કરવો પડતો હતો. આ સેક્શન ૧૩ એપ્રિલના રોજ ટ્રાયલ ધોરણે ખુલ્યો હતો. હાલમાં, આ સેક્શન પર ટોલ લેવામાં આવતો નથી, પરંતુ આ સેક્શન ખુલવાથી, વડોદરાથી ગોધરા સુધીની મુસાફરી દોઢ કલાકથી ઘટીને માત્ર ૪૫ મિનિટ થઈ ગઈ છે. NHAI અધિકારીઓ માને છે કે ટ્રાયલ પૂર્ણ થયા પછી, આ સેક્શન વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે ઉપલબ્ધ થશે. ગોધરા અને વડોદરા વચ્ચેના નવા સેક્શન પર મુસાફરી કરતા મુસાફરોએ ખૂબ પ્રશંસા વ્યક્ત કરી છે. આ રૂટ ખુલવાથી વડોદરા અને હાલના રૂટ પર ટ્રાફિક ઓછો થવાની આશા જાગે છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે (NE4) નો આ સેક્શન ૮-લેનનો, એક્સેસ-નિયંત્રિત એક્સપ્રેસવે છે જેની ગતિ મર્યાદા ૧૨૦ કિમી/કલાક છે.

ગોધરાથી વડોદરા સુધીનો નવો રૂટ આશરે ૮૧ કિલોમીટર લાંબો છે, જે પરંપરાગત હાઈવે કરતા થોડો લાંબો છે, પરંતુ સુધારેલ રોડ ગુણવત્તા મુસાફરોને ગોધરા અને વડોદરા વચ્ચે માત્ર ૪૫ મિનિટમાં મુસાફરી કરવાની મંજૂરી આપે છે. ગુગલ મેપ્સના ડેટા અનુસાર, અગાઉનો રૂટ, જેમાં હાલોલ-ગોધરા રોડનો સમાવેશ થાય છે, તે આશરે ૭૮ કિલોમીટર લાંબો છે, પરંતુ તે બંને શહેરો વચ્ચે મુસાફરી કરવામાં દોઢથી બે કલાક જેટલો સમય લેતો હતો.

આ ટ્રાફિક ભીડ અને હાઈવેની મર્યાદિત પહોળાઈને કારણે હતું. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેના ગોધરા-વડોદરા સેક્શન ખુલવાથી મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. એક મુસાફરે જણાવ્યું કે એક્સપ્રેસ વેથી ગોધરાથી વડોદરા સુધીની મુસાફરી કરવામાં તેમને માત્ર ૪૫ મિનિટનો સમય લાગ્યો. તેમણે રસ્તાની ગુણવત્તાની પણ પ્રશંસા કરી. એક્સપ્રેસ વે સેક્શન ગોધરા નજીકના ભામૈયા ગામથી શરૂ થાય છે અને વડોદરા નજીકના ડોડકા ગામ સુધી છે.

## મુસાફરોની સુવિધા માટે બસોની વિશેષ વ્યવસ્થા

ભારતીય રેલવે દ્વારા મુસાફરોની સુવિધાઓમાં સુધાર અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા માટે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ગેરતપુર–અમદાવાદ ખંડ પર પ્રીકાસ્ટેડ પોર્ટલ બીમ લોંચનું કાર્ય હાથ ધરવામાં આવશે. આ કાર્ય માટે તારીખ ૧૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. આ ટ્રાફિક બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવી રહેશે. આ ક્રમમાં ટ્રેન નંબર ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ–ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ વટવા સ્ટેશન પર સમાપ્ત (શોર્ટ ટર્મિનેટ) કરવામાં આવશે.

મુસાફરોને નિરંતર અને સુગમ મુસાફરી સુવિધા પૂરી પાડવા માટે અમદાવાદ મંડળ દ્વારા તારીખ ૧૯ એપ્રિલ ના રોજ વિશેષ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે—

● વટવાથી અમદાવાદ માટે ૧૬ એસી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.

● વટવાથી ગાંધીનગર માટે ૦૨ એસી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ વિશેષ વ્યવસ્થા મુસાફરોને સુરક્ષિત અને આરામદાયક પરિવહન સુવિધા પૂરી પાડવા માટે કરવામાં આવી છે, જેથી મુસાફરી દરમિયાન કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.

પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ

**સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ**

**ટેન્ડર આમંત્રિત સૂચના સંખ્યા: DRM-SnT-ADI-Sig 02 ઓફ 2026-27** ને આમંત્રણ આપતી સૂચના ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્યરત DRM/S અને T ટેન્ડર નંબર DRM-SnT-ADI-Sig 02 ઓફ 2026-27 ને ઈ-ટેન્ડર આમંત્રણ આપે છે. અંતિમ તારીખ 11.05.2026, 15:00 બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી,અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **1. કાર્યનું નામ:** અમદાવાદ મંડળના રતનાલમાં વીજળીકરણ સાથે 740 મીટર CSR ધરાવતી વધારાની લૂપ લાઇનની જોગવાઈના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. **2. કાર્યની અંદાજિત કિંમત:** રૂ.૨,૦૩,૯૭,૫૪૩.૪૦/- (રૂ. બે કરોડ ત્રણ લાખ સત્તાણુ હજાર પાંચસો તેતાલીસ રૂપિયા અને ચાલીસ પૈસા માત્ર) **3. અર્નેસ્ટ ડિપોઝિટ મની:** રૂ.૪,૦૮,૦૦૦/- (રૂ.ચાર લાખ આઠ હજાર માત્ર) **૪. બંધ કરવાની તારીખ અને સમય:** ૧૧.૦૫.૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક પછી નહીં. **૫. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૧૧.૦૫.૨૦૨૬ ના રોજ ૧૫:૩૦ કલાકે ખુલશે. **૬. ઈ-ટેન્ડરિંગની વેબસાઈટ:** www.ireps.gov.in

ADI 006

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## મત નહી આપો તો અમારો પગ ગાંધીનગર નહી ઉપડે: ધાનેરામાં ભાજપ નેતાની મતદારોને ખુલ્લી ચીમકી?

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં ચુંટણીનો માહોલ ગરમાયો છે. ત્યારે ભાજપના એક વરીષ્ઠ નેતાના વિવાદીત નિવેદને સોશીયલ મીડીયા અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે. ભાજપ નેતા ભગવાન પટેલે એક જાહેર સંબોધન દરમિયાન મતદારોને આડકતરી ચીમકી આપતા કહ્યુ હતુ કે જો ભાજપને મત નહી આપો તો પાણીની પાઈપ લાઈનોમાં પાણી નહી આવે, હાલ તો માત્ર ભુંગળા જ નાખ્યા છે.

ભગવાન પટેલે પોતાના નિવેદનમાં જણાવ્યુ હતુ કે ભાજપને વોટ આપજો, હાલ તો અમે માત્ર ભુંગળા (પાઈપ લાઈન) નાખ્યા છે. હજુ તેમાં પાણી આવવાનુ બાકી છે, તેમણે વધુમાં કહ્યુ હતુ કે ૧૫૦ કરોડના ખર્ચે પાણીની પાઈપ લાઈન નાખવામાં આવી છે. પરંતુ જો મત નહી મળે તો પાણી લાવવા માટેની પ્રક્રિયા અટકી શકે છે. તેવો આડકરતો ઈશારો તેમણે કર્યો હતો. વધુમાં મતદારોને સંબોધતા તેમણે વિવાદીત સુર છેડતા કહ્યુ હતુ કે જો તમે ભાજપને મત નહી આપો તો તમારા ગામના કામ કરાવવા માટે ગાંધીનગર જતા અમારા પગ નહી ઉપડે, તેમણે મતદારોને સમજાવતા કહ્યુ હતુ કે રાજયમાં સરકાર ભાજપની જ છે , તેથી પોતાનો મત કોઈ અન્ય પક્ષને આપીને વ્યર્થ ન કરવો જોઈએ. ભાજપના નેતાના આ નિવેદન બાદ વિપક્ષ અને સ્થાનિક લોકોમાં મિશ્ર પ્રતિક્રિયા જોવા મળી રહી છે. લોકોમાં એવી ચર્ચા છે કે વિકાસના કામોને મતો સાથે સાંકળીને લોકશાહીમાં મતદારો પર દબાણ લાવવાનો આ પ્રયાસ છે. આ વિવાદીત નિવેદનનો



વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થતા ધાનેરા બેઠક પર રાજકીય માહોલ વધુ તેજ બન્યો છે.

### શું ધારાસભ્યો અને સાંસદોનો "મહાબોજ" ગરીબના માથે?

# સરકાર હાલની લોકસભાની ૫૪૩ બેઠકોમાંથી ૮૫૦ જેટલી બેઠકો કરવા જઈ રહી છે ત્યારે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં આમ તો પ્રજાના પૈસે તાગડધિન્ના કરતાં અને પોતાની સાત પેઢી તારી જાય એટલી કમાઈ કરી રહેલી. આ રાજકીય જમાત પ્રજાજીવી એટલેકે પ્રજા ના પૈસે જ જીવી રહી છે ત્યારે તેમની સંખ્યામાં અડધોઅડધ વધારો પ્રજાની કમ્મર તોડી નાંખશે. એમાં કોઈ શંકા છે ખરી? કેમકે આપણે આપણાં આ માનવીય સાંસદો, વિધાનસભ્યો કે મંત્રીઓના પગાર, ભાડાભથ્થા કે બંગલાઓનો જ બોજ નથી ઉઠાવતા પણ તેમનો સ્ટાફ, તેમના વેતનો અને વળી તેમના માટે નવી કચેરીઓ, રહેઠાણો, નવો સ્ટાફ ઉપરાંત બંદૂકધારીઓની ફોજ એટલે કે સુરક્ષા વ્યવસ્થા તો ખરી જ એટલું જ નહીં વળી આ સેવકોને પેન્શન પણ પાછું આપણા ખિસ્સામાંથી જ જશે.

વળી હજુ પણ જુઓ કે આપણા જેવી ગરીબ પ્રજાના પેટ ચીરીને વસૂલાતા વેરા બાદ તેને આ ચૂંટાયેલા સાંસદો, ધારાસભ્યો પાછળ ખર્ચવામાં આવે છે અને એ પૈકી આજની તારીખે માત્ર ચૂંટાયેલા સાંસદોનું દ્રષ્ટાંત લઈએ તો એ પૈકી ૪૬ ટકા જેટલા સાંસદો ઉપર ફોજદારી કેસ છે. એટલે કે આ સાંસદો પણ દૂધે ધોયેલા નથી. ઉપરાંત આ પૈકીના ૯૩ ટકા સાંસદો એટલે માનો ને કે મોટાભાગના સાંસદો તો કરોડપતિ જ છે કે જેમને સામાન્યતઃ આપણાં પૈસાની જરૂર ન હોય છતાં તેઓ બધા જ લાભો મોજથી લે છે. આવું જ કંઈક તમામ ધારાસભ્યોનું પણ છે.

આ ઉપરાંત મહિને લાખો રૂપિયા ખરચતાં પણ ન મળે એવા બંગલામા દિલ્હીમા મફતમા રહેવા મળે પરિવાર સાથે અને આ પરિવાર સાથે જ એમને ટ્રેનમા , વિમાનમાં મફત હવાઈ મુસાફરી,મફત તબીબી સહાય, સમર્પિત સ્ટાફ, સુરક્ષા જવાનો, વાહનો અને એમની પાછળ થનારો ખર્ચ પણ ઉમેરો તો મગજ ચકરાવે ચડી જાય એટલો જંગી ખર્ચ આપણા પર બોજ નાંખીને કરાશે. વળી કહેવા ખાતર તો ઉપરોક્ત એમપીએલએડી ફંડ મતક્ષેત્રના વિકાસ માટે અપાય છે. પરંતુ આ ભ્રષ્ટ કટકી યુગમા કોનો વિકાસ થાય છે એ આપણે સૌ જાણીએ છીએ.

વળી આ બાબત કોઈ ભાજપ, કોંગ્રેસ કે ડાબેરી-જમણેરીની નથી પણ કરવેરાના બોજથી કચડાતા તમામ આમ ભારતીયો અને તમામ રાજકીય પક્ષો વચ્ચેનો મુદ્દો છે. મારા તમારા પરસેવાની કમાણી પર વસૂલાતા આકરા વેરા થકી એકત્ર કરાયેલા નાણાંનો ઉપયોગ આ રાજકીય જમાતો બેરોકટોક કરી રહી છે. અને એ પણ આપણને પૂછ્યા વગર. આમ તો વાતે વાતે જનમત કે પ્રજા મતની વાતો કરનારા શાસકો કે નેતાઓને આટલી મોટી અને મહત્વની બાબતે પ્રજાનો મત લેવાનું કેમ સૂઝયું નહીં? પ્રજા મતની વાત તો જવા દો પણ તેઓ આપણને કેટલા તુચ્છ સમજે છે કે તેમણે આ બાબતે આપણને જરા સરખા વિશ્વાસમા લેવાનુય મુનાસિબ માન્યું નથી??

# જળ એજ જીવન છે ત્યારે એજ જળથી જીવન સાથે થઈ રહ્યા છે ચેડાં?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

જીવ માત્ર માટે જળ મહત્વનું છે. જળ એટલે પાણી અને આ આપણી જરૂરિયાત છે. હાલમાં જ્યારે કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે સ્વાભાવિક છે કે પાણીની જરૂર દરેક ને પડે અને એ જરૂરિયાતો પુરી કરવા હવે પાણી એક વેપારનો ભાગ બની ગયું છે.

આ જરૂરિયાત ને ધ્યાનમાં રાખીને કેટલાક લેભાગુઓ હવે સફેદ પાણીના નામે કાળો કારોબાર કરી મબલખ રૂપિયા કમાઈ રહ્યા છે. આ પાણીનો વેપાર એટલે RO પ્લાન્ટ જેના બિઝનેસ માટે ઓછામાં ઓછી ૩૦૦x૫૦૦ સ્કેવર ફીટ જગ્યા જોઈએ. જેમાં RO મશીન, સ્ટોરેજ ટેંક અને ખાલી અને ભરેલા બોટલ તેમજ જગ રાખવાની જગ્યા. જ્યાં ૫૦૦ LPH (લીટર પર અવર્સ) ૧૦૦૦ LPH, ૨૦૦૦ LPH ની બોટલો ભરવાનું મશીન.ઉપરાંત FSSAI નું લાયસન્સ, ટ્રેડ લાયસન્સ તેમજ આરોગ્ય ને લગતા તમામ દસ્તાવેજો સક્ષમ અધિકારીને બતાવવા પડતાં હોય છે. આમ ઉપરના તમામ નીતિ નિયમોને આધિન RO પ્લાન્ટ નાંખીને કામ શરૂ કરી શકાતું હોય છે.

પરંતુ શહેરમાં હવે કેટલાક લેભાગુઓ ધ્વારા પ્રજાની ગરજનો લાભ લેવાના આશયથી માત્ર ને માત્ર ૧૦x૧૦ રૂમમાં બોરીંગનું પાણી અથવા SMC ના નળનું કનેક્શન લઈ

## ISI માર્કા વગરના પાણીના ૨૦ લીટર ના જાર અને ૨૦ લીટરના જગમાં ભરાતું પાણી સીધું બોરીંગ માંથી કે SMC ના નળમાંથી ભરી કરાતી ધૂમ કમાણી

એમાંથી રબરના લાંબા પાઈપથી પાણીના ૨૦ લીટરના બોટલો (જાર) ભરી ભરીને ટેમ્પોમાં રવાના કરીને કાળી કમાણી કરી રહ્યા છે. આ પાણીમાં ક્લોરીનની ટીકડીઓની સાથે સાથે GLYCOL નાંખી પાણી ઠંડુ કરવામાં આવે છે. જે પાણીના બોટલો પર કોઈ ISI પ્રમાણિતનો માર્કો હોતો નથી. જે પાણી પ્રજાના આરોગ્ય માટે ખતરનાક છે. એ પાણી આજે ઘરોમાં, કરિયાણાની દુકાનો, ડેરીઓ, હોટલો, રેસ્ટોરન્ટો, સ્કુલો, કોલેજો, ઓફિસો, ફેક્ટરીઓ, જીમ, હોસ્પિટલો, ફ્લેટસ અને હાઉસિંગ સોસાયટીઓમાં સપ્લાઈ થઈ રહ્યા છે.

જે ૨૦ લીટર ના જાર (બોટલો) અને ૨૦ લીટરના જગમાં પાણીની ક્વોલિટી અને ટેસ્ટની કોઈ તપાસ કરાતી નથી કે મહિના-મહિના સુધી જાર (બોટલો) કે જગ ની સાફ-સફાઈ કરાતી નથી. જ્યાં પાણીના આવા વેપલા ચાલતા હોય છે એ મોટાભાગે સ્લમ વિસ્તારો અને ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં જ ચાલતા હોય છે. જ્યાં કોઈ ચેકિંગ નહીં હોવાથી મન ફાવે એવી કંપનીઓના માર્કા મારી પાણી પ્રજાના પેટમાં પધરાવાય છે.

જે ૫૦૦ ML થી લઈને એક લીટર, બે લીટર અને પાંચ લીટરની બોટલોમાં મોટા ભાગે પેકિંગ કરી વેચવામાં આવતું હોય છે. આવા પાણીની ગુણવત્તાની કોઈ ગેરંટી હોતી નથી કારણ કે આરોગ્ય ખાતું હંમેશા "ભ્રષ્ટ ખાતું" જ રહેતું હોવાથી આવી કોઈ જ તપાસ કરવામાં આરોગ્ય ખાતાના અધિકારીઓ ને રસ હોતો જ નથી. એના કારણે સફેદ પાણીનો કાળો કારોબાર કરનારાઓ હવે દિવસે ને દિવસે વધી રહ્યા છે. અને લોકોના આરોગ્ય સાથે ચેડા કરી પોતાનો ઉલ્લુ સીધો કરી રહ્યા છે.

હવે વાત કરીએ ગરમીમાં વધુ ખવાતા આઈસ્કીમની. આ આઈસકીમ માં પણ કસ્ટર પાવડર, દૂધ અને અલગ અલગ સ્વાદની ફ્લેવરો ઉમેરી જાણીતી કંપનીઓની અસલી બ્રાન્ડ જેવી જ આબેહૂબ એવી જ મળતી જુલતી ડિઝાઈન બનાવી ગ્રાહકોની આંખોમાં ધૂળ નાંખવા ખાસ પેકિંગ તૈયાર કરીને આઈસ્કીમ બજારમાં વેચાઈ રહ્યા છે. પહેલી નજરે ગ્રાહક એમ જ સમજે કે આ જાણીતી બ્રાન્ડ નો આઈસ્કીમ છે. પરંતુ ઉપરનું પેકિંગ ખોલ્યા પછી ગ્રાહકને ખબર પડે છે કે અસલીના સ્વાદની જગ્યાએ આ તો માલ, માટીને પૈસા કલદાર જેવો ઘાટ છે. આવા હલકી કક્ષાના આઈસ્કીમો ને આકર્ષક પેકિંગમાં ઠંડા પીણા ની દુકાનો, પાન પાર્લર, બેકરીઓ વિગેરેમાં ખાસ સપ્લાય કરી ધૂમ વેચાણ કરાતું હોય છે. જેની કોઈ તપાસ કરાતી નહીં હોવાથી પ્રજા પણ હોંશે હોંશે એનો સ્વાદ લઈને આરોગ્યને નુકશાન પહોંચાડી રહી છે.

આજ રીતે પોટેશિયમ પરમેંગેનેટ (KMno4) થી પકવેલી અને સાથે સાથે સડેલી કેરીઓના રસના ડબ્બા પણ આકર્ષક પેકિંગમાં જાણીતી કંપનીઓના નામે વેચાઈ રહ્યા છે. જેમાં મોટા ભાગે સેકરીનનો ઉપયોગ કરાતો હોય છે. જે રસ્તા ઉપર ઉભી રખાતી નાની,મોટી લારીઓ કેબીનો પર મેંગો જ્યુશ ના નામે લોકોના પેટમાં પધરાવવામાં આવે છે. એ સાથે તરબૂચ ના જ્યુશ માં પણ સેકરીન નો ઉપયોગ કરાય છે. હાલમાં પડતી આ ગરમીના કારણે જ્યુશ પીવાનું લોકો મોટા ભાગે પસંદ કરતા હોવાથી આવું વેચાણ ધૂમ મચાવી રહ્યું છે. જેની કોઈ તપાસ કરતું નથી કે કરાતી નથી.

હવે વાત કરીએ ઠંડા ઠંડા બરફની, અહીં બરફ જે પાણીમાંથી બનાવવામાં આવે છે એ પાણી પણ શુધ્ધ હોતું નથી. અને એમાંથી બનતો બરફ પ્રજાના પેટમાં શેરડીના રસ દ્વારા,બરફ ના ગોળા ધ્વારા, જ્યુશ દ્વારા, લીંબુના શરબત દ્વારા કે સોડા કે ઠંડા પીણા દ્વારા પધરાવાઈ રહ્યો હોય અને પ્રજા હોંશે હોંશે "ગરમી મે ભી ઠંડી કા અહેસાસ" નો અનેરો લાભ લઈ રહી હોય ત્યારે સરકારનું જવાબદાર તંત્ર પણ મારે શું ની નીતિ અપનાવે એમાં નવાઈ શું હોય?

# ધંધુકામાં કિશન બાદ વધુ એક ભરવાડ યુવકની કારપીણ હત્યાઃ ભારેલા અગ્નિ જેવી પરીસ્થિતિને લઈ ધંધુકા પોલીસ છાવણીમાં ફેરવી દેવાયું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



અમદાવાદના ધંધુકા શહેરમાં ફરી એકવાર લોહીયાળ ઘટના બનવા પામી છે. ધંધુકા શહેરની નસીબ સોસાયટીમાં અંગત અદાવતને લીધે એક યુવકની કારપીણ હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારેલા અગ્નિ જેવી પરીસ્થિતિ સર્જાઈ છે. આ હત્યા બાદ સ્થિતિ વધુ વણસતા તાત્કાલીક ધંધુકા શહેરમાં કરફયુ જાહેર કરી દેવામાં આવ્યુ છે. એટલુ જ નહી સમગ્ર શહેરને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યુ છે.

મળતી માહિતી મુજબ ધંધુકાની નસીબ સોસાયટીમાં જુની અદાવતને લઈને બે પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોત જોતામાં આ બબાલ હિંસક સ્વરૂપ ધારણ કરી લીધુ હતું અને એક યુવક પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ગંભીર ઈજાઓ થવાને કારણે યુવકનુ ઘટના સ્થળે જ મોત નિપજયુ હતું. યુવકની હત્યાના સમાચારો વાયુવેગે સમગ્ર શહેરમાં પ્રસરી જતા લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા. રોષે ભરાયેલા ટોળાએ વિરોધ પ્રદર્શન દરમિયાન આક્રમક વલણ અપનાવ્યુ હતું અને સ્થાનિક દુકાનોમાં તોડફોડ કરી આગચંપી કરી હતી. જોતજોતામાં વાતાવરણ વધુ તંગ બનતા બજારની તેમજ અન્ય દુકાનો ના શટર પડી ગયા હતા અને વિસ્તારમાં હડકંપ મચી જવા પામ્યો હતો. હિંસક ઘટનાની જાણ થતા જ અમદાવાદ ગ્રામ્ય પોલીસનો મોટો કાફલો ધંધુકા દોડી આવ્યો હતો. પરીસ્થિતિ વધુ ન બગડે તે માટે તંત્ર દ્વારા તાત્કાલીક સમગ્ર શહેરમાં કરફયુ લાદી દેવામાં આવ્યો હતો. પોલીસે હાલમાં સમગ્ર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

તોફાની તત્વોને વિખેરવા માટે જરૂરી બળપ્રયોગ કર્યો હતો. હાલ પરીસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પોલીસ હાલમાં સીસીટીવી ફુટેજ અને પ્રત્યક્ષદર્શીઓના આધારે આરોપીઓની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે અને શહેરમાં શાંતિ જાળવવા માટે કલેકટર અને પોલીસવડા દ્વારા અપીલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ ધંધુકામાં જ કિશન ભરવાડ નામના યુવકની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, જે ઘટનાએ સમગ્ર રાજયમાં ચકચાર મચાવી હતી. આ ઘટના બાદ ફરી એકવાર ધંધુકામાં હત્યા અને હિંસાની ઘટના બનતા સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે.

# સુરતમાં ભાજપના મહિલા ઉમેદવાર આવ્યા વિવાદમાં: ૩ સંતાન હોવા છતાં એફીડેવીટમાં ઉલ્લેખ કર્યો નહી

પ્રતિનિધિ,ગાંધીનગર




સુરત મહાનગરપાલિકાની ચુંટણી અગાઉ સુરત શહેરમાં રાજકીય માહોલ ગરમાયો છે. અગાઉ વોર્ડ નં. ૨૯ માં ભાજપના મહિલા ઉમેદવારની શૈક્ષણિક લાયકાતોને લઈને વિવાદ સર્જાયો હતો. ત્યારબાદ બીજો એક વિવાદ બહાર આવી રહ્યો છે. જેમાં વોર્ડ નં. ૮ ના ભાજપની મહિલા ઉમેદવાર વંદના ઘોઘારી પર ગંભીર આક્ષેપ છે કે ૩ સંતાનો હોવા છતાં ઉમેદવારી નોંધાવી છે. તેમજ બાળકોને લઈને એફીડેવીટમાં કોઈ ઉલ્લેખ પણ કરવામાં આવ્યો નથી, મળતી માહિતી મુજબ વંદના ઘોઘારી ના સંતાન સંબંધિત વિગતોને લઈને સવાલો ઉભા થયા છે, આરોપ છે કે તેમને બે કરતા વધુ સંતાન હોવા છતાં ચુંટણી માટે ભરવામાં આવેલા સોગંદનામામા તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, આ મુદ્દાને લઈને વિરોધ પક્ષે કડક વલણ અપનાવ્યુ છે. ચુંટણીના નિયમો મુજબ બે બાળક ધરાવતી વ્યકિત જ ઉમેદવારી ફોર્મ ભરી શકે છે, ત્યારે ભાજપના વોર્ડ નં. ૮ ના ઉમેદવારને ત્રીજુ બાળક હોવા છતાં ફોર્મ ભર્યુ છે. તેમજ સોગંદનામામા બાળકો અંગે કોઈપણ ઉલ્લેખ જ કરવામાં આવ્યો નથી, આથી કોંગ્રેસે આ મામલે સીધો પ્રહાર કરતા કહ્યુ હતુ કે ઉમેદવારે ચુંટણી નિયમોનુ ઉલ્લંઘન કર્યુ છે અને મતદાતાઓને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ આક્ષેપોને ગંભીર ગણાવતા ચુંટણીપંચ માં સત્તાવાર ફરીયાદ નોંધાવી છે અને યોગ્ય કાર્યવાહી કરવાની માંગ પણ કરી છે. તો બીજી તરફ ભાજપ તરફથી હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી, રાજકીય વર્તુળોમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે અને આવનારા દિવસોમાં આ વિવાદ વધુ ઉગ્ર બનવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. હવે નજર ચુંટણીપંચના નિર્ણય પર ટકેલી છે કે આ મામલે શું કાર્યવાહી કરવામાં આવે છે.

### ગુજરાતમાં ૩૦ હજાર કરતા વધુ પોલીંગ સ્ટેશનો : ૫૦ હજાર જેટલા પોલીંગ બુથ

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈને પોલીસ એલર્ટ મોડમાં: રાજયો અને જિલ્લાની સરહદો પર નાકાબંધી વધારી ચેંકીગ શરૂ કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં આગામી ૨૬ એપ્રિલે યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈને ગુજરાત પોલીસ દ્વારા તૈયારી તેજ કરી દેવામાં આવી છે. ચુંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે હેતુથી રાજયના ૩૦ હજાર પોલીસ સ્ટેશનો ઉપર પોલીસ બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવશે. ચુંટણી સુધી પોલીસ તંત્ર એલર્ટ પર રહેવા રાજયના પોલીસવડા ડો. કે એન એલ રાવ દ્વારા આદેશો આપવામાં આવ્યા છે. રાજય પોલીસવડા ડો. કે એલ એન રાવે જણાવ્યુ હતુ કે સમગ્ર રાજયમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને વ્યાપક આયોજન કરવામાં આવ્યુ છે. રાજયભરમાં અંદાજે ૩૦ હજાર પોલીંગ સ્ટેશનો અને ૫૦ હજાર પોલીંગ બુથ પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ બુથ પર ખાસ નજર રાખવામાં આવશે, તેમજ વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે. રાવે વધુમાં જણાવ્યુ હતુ કે ૨૬ તારીખે યોજાનારી ચુંટણીને ધ્યાનમાં રાખીને આંતરરાજય સીમાઓ પર ચેકપોસ્ટો ઉભી કરવામાં આવશે. આ સાથે જ વાહન ચેકીંગ, દારૂબંધીના કડક અમલ તેમજ તડીપાર આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. બિનજામીન પાત્ર વોરન્ટ ધરાવતા આરોપીઓને ઝડપી લેવા માટે પણ વિશેષ અભિયાન ચાલી રહ્યુ છે. મતદારો નિર્ભય અને સ્વતંત્ર રીતે મતદાન કરી શકે તે માટે રાજય પોલીસની પ્રથમ પ્રાથમિકતા હોવાનુ જણાવતા ડીજીપી રાવે કહ્યુ હતુ કે શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચુંટણી માટે પોલીસ તંત્ર સંપૂર્ણ રીતે પ્રતિબધ્ધ છે. ચુંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવ્યુ છે અને કિવક રીસ્પોન્સ ટીમો ને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. આચારસંહિતાના અમલ બાદથી જ આ તમામ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઉપરાંત પરવાનગી ધરાવતા હથિયારો પણ જમા કરાવવા માટે કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.

# શહેર કોંગ્રેસ પ્રમુખે રૂપીયા ૧ લાખ લીધા પછી પણ ટીકીટ ન આપી? વોર્ડ મહિલા પ્રમુખની શહેર પ્રમુખ સાથે થઈ ઝપાઝપી

પ્રતિનિધિ,ગાંધીનગર



અમદાવાદ મહાનગરપાલિકાની ચુંટણીમાં કોંગ્રેસના પ્રદેશના નેતાઓએ ભાગબટાઈ કરી પોતાના લોકોને ટીકીટ આપી હોવાના અત્યાર સુધી આક્ષેપો થતા હતા. પરંતુ આ બાબતને સમર્થન આપતી એક ઘટના ગઈ કાલે રાત્રે રખીયાલ-સરસપુર વોર્ડ માં બની છે. વોર્ડ ના મધ્યસ્થ કાર્યાલયની મુલાકાતે પહોચેલા શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલને રખીયાલ -સરસપુર વોર્ડ પ્રમુખ ભાવના ગુપ્તાએ લાફા ઝીંકી દેતા સનસનાટી મચી ગઈ હતી,

વોર્ડ પ્રમુખે આપેક્ષ કર્યો હતો કે શહેર પ્રમુખ સોનલબેને મહાનગરપાલિકાની ટીકીટ અપાવવાના પાર્ટી ફંડ ના નામે ૧ લાખ રૂપીયા લીધા હતા. પરંતુ ટીકીટ બીજાને ફાળવવામાં આવી હતી. વોર્ડ પ્રમુખ ભાવનાબેન ગુપ્તા કાર્યાલય પર પહોચ્યા હતા. તેમણે શહેર પ્રમુખ સોનલબેન સાથે ટીકીટ અપાવવા બાબતે વાતચીત કરી ત્યારે વાતાવરણ તંગ બની ગયુ હતું. કોઈ કઈ સમજે તે પહેલા જ બધાની હાજરીમાં ઉશ્કેરાયેલા ભાવનાબેને સોનલબેનને બે તમાચા ઝીકી દીધા હતા. જો કે ભાવનાબેને કરેલા આક્ષેપો મુજબ તેમનુ નામ વોર્ડ ના ૩ ઉમેદવારોની પેનલમાં મુકવામાં આવ્યુ હતું. તેમાંથી આખરી પસંદગી માટે પ્રદેશ સમિતિને યાદી મોકલવાની હતી, ત્યારે તેમણે અમદાવાદ શહેરના કોંગ્રેસના એક પૂર્વ ધારાસભ્યને તેમની ભલામણ કરવા રજુઆત કરી હતી,

જો કે આ નેતાએ તેમને શહેર મહિલા પ્રમુખ સમક્ષ રજુઆત કરવા જણાવ્યુ હતું. દરમિયાન વોર્ડ પ્રમુખે સોનલબેનને રજુઆત કરતા તેમણે ચુંટણી લડવા માટે જરૂરી ફંડ ઉપરાંત ૧ લાખ રૂપીયા પાર્ટી ફંડ આપવુ પડે તેમ જણાવ્યુ હતું. દરમિયાન ભાવનાબેન પાર્ટી ફંડ આપવા સંમત થયા હતા. એક ખાનગી કેબ સર્વિસની મોટર માં આવેલા સોનલબેનને અમદાવાદના એક સ્થળે મળીને ૧ લાખ રૂપીયા આપ્યા હોવાનો દાવો કરતા ભાવનાબેને કહ્યુ હતુ. તેમનુ નામ રખીયાલ વોર્ડ ની યાદીમાં ન આવતા તેમણે જયારે શહેર પ્રમુખનો સંપર્ક કર્યો ત્યારે તેમને ઈસનપુર વોર્ડ માં ચુંટણી લડવાની ઓફર કરવામાં આવી હતી, વળી, મને એ વોર્ડ ની કંઈ ખબર પણ નથી તેથી ઈસનપુર વોર્ડ માં ચુંટણી લડવાનો કોઈ મતલબ નથી, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલે તેમના ડ હેન્ડલ પર આ ઘટના અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતુ કે તેમની સામે કરવામાં આવેલા આક્ષેપો ખોટા છે. તેમણે પાર્ટી ફંડ કે અન્ય કોઈ પૈસા લીધા નથી, મારા નામે ભાવનાબેન પાસેથી અન્ય કોઈએ પૈસા લઈને છેતરપીંડી કરી હોય તો તેઓ પોલીસ ફરીયાદ કરી શકે છે.

# વડોદરામાં આમ આદમી પાર્ટીને લાગ્યો મોટો ઝટકોઃ શીતલ ઉપાધ્યાય અને વિઠ્ઠલ આયર સહિત ૪૦ કાર્યકરો ભાજપમાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતના રાજકારણમાં સત્તાધારી પક્ષ ભાજપે ફરી એકવાર વિરોધ પક્ષોના ગઢમાં ગાબડુ પાડવાની પોતાની રણનીતી તેજ કરી છે. સંસ્કારી નગરી વડોદરામાં આમ આદમી પાર્ટીને મોટો ઝટકો પડયો છે. આમ આદમી પાર્ટીના મજબુત ચહેરા ગણાતા પ્રવકતા શીતલ ઉપાધ્યાય અને લડાયક નેતા વિઠ્ઠલ આયરે સહિત ૪૦ જેટલા સક્રિય કાર્યકરોએ વિધીવત રીતે ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કરી લીધો છે. વડોદરા ભાજપના કાર્યાલય સયાજીગંજ કમલમ ખાતે એક વિશેષ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ભાજપના પ્રદેશ અને સ્થાનિક નેતાઓની હાજરીમાં તમામ ૪૦ કાર્યકરોને ભાજપનો ભગવો ખેસ પહેરાવી પક્ષમાં આવકારવામાં આવ્યા હતા. ભાજપના અગ્રણીઓએ આ પ્રવેશને પક્ષની વિચારધારામાં લોકોના વધતા વિશ્વાસ તરીકે ગણાવ્યો હતો. આ પક્ષ પલ્ટામાં સૌથી ચોંકાવનારૂ નામ શીતલ ઉપાધ્યાયનુ છે. જેઓ વડોદરામાં આમ આદમી પાર્ટીનો મજબુત મહિલા ચહેરો અને ધારદાર પ્રવકતા ગણાતા હતા. તેમની સાથે જ લોક પ્રશ્નો માટે સતત લડત ચલાવતા વિઠ્ઠલ આયરે પણ ભાજપમાં જોડાયા છે. વિઠ્ઠલ આયરે ની ગણના ગ્રાઉન્ડ લેવલ પર કાર્યકરોને એકઠા કરી આંદોલન કરનારા નેતા તરીકે થતી હતી. આ બંને દિગ્ગજ નેતાઓના જવાથી વડોદરામાં આમ આદમી પાર્ટીનુ સંગઠન નોંધપાત્ર રીતે નબળુ પડયુ હોવાનુ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

ભાજપમાં જોડાયા બાદ આગેવાનોએ જણાવ્યુ હતુ કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસ કાર્યો અને ભાજપની રાષ્ટ્રવાદી વિચારધારાથી પ્રભાવિત થઈને આ નિર્ણય લઈ રહ્યા છે. પક્ષમાં આંતરીક અસંતોષ અથવા કામ કરવાની પધ્ધતિ સામેના પ્રશ્નોને પણ આ પક્ષ પલ્ટા પાછળનુ કારણ માનવામાં આવી રહ્યુ છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પોતાની પકકડ મજબુત કરવા મથી રહેલી આમ આદમી પાર્ટી માટે એક સાથે ૪૦ કાર્યકરોનુ જવુ એ મોટા નુકશાન સમાન છે. ખાસ કરીને જયારે પ્રવકતા કક્ષાના નેતાઓ પક્ષ છોડે, ત્યારે તે કાર્યકરોના મનોબળ પર વિપરીત અસર કરે છે. આગામી સમયમાં આ ફેરફારની અસર વડોદરાના રાજકારણ પર કેવી પડશે તે હવે જોવુ રહ્યું.

### જામનગરમાં ગોકુલનગર વિસ્તારની ઘટના

# કિશોરીનો રહસ્યમય સંજોગોમાં ગળાફાંસા દ્વારા આપઘાત

**આ ઘટના અંગે સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ ૧૯૪ મુજબ નોંધ કરવામાં આવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં દુઃખદ બનાવ સામે આવ્યો છે, જેમાં ૧૬ વર્ષની કિશોરીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ગોકુલનગર સોમનાથ સોસાયટી, શેરી નં. ૨માં રહેતી વિદ્યાબા (ઉ.વ. ૧૬), એ ગઈકાલ તા.૧૭/૦૪/૨૦૨૬ના રોજ રાત્રે અંદાજે ૧૦.૦૦ વાગ્યાના આસપાસ પોતાના ઘરે બાથરૂમમાં પાઈપ સાથે ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોએ બનાવની જાણ થતાં તાત્કાલિક સિટી સી. ડિવિઝન પોલીસને જાણ કરી હતી. આ ઘટના અંગે સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ ૧૯૪ મુજબ નોંધ કરવામાં આવી છે. પોલીસ દ્વારા બનાવના કારણો અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પ્રાથમિક રીતે કોઈ અગમ્ય કારણોસર આ બનાવ બન્યો હોવાનું અનુમાન છે.